સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 06

[FEB - 2023]
[05/02/23 to 11/02/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 05 FEB-2023


- હરિયાણાના સૂરજકુંડ ખાતે સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ ..... 02
- 2025માં મેડ્રિડ ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારત થીમ કન્ટ્રી હશે ..... 03
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરી દુનિયાના લોકપ્રિય નેતા ..... 03
- QUESTION ANSWERS ..... 05


## 06 FEB-2023


- અમેરિકાએ ચીનનો જાસૂસી બલૂન તોડી પાડ્યો ..... 06
- ભારત - ફ્રાન્સ - UAE ત્રિપક્ષીય કરાર ..... 07
- દેવઘર માર્ટ : ઝારખંડના સ્થાનિક કારીગરો માટે ઓનલાઈન બજાર ..... 08
- એર માર્શલ એ.પી.સિંઘ ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ બન્યા ..... 08
- QUESTION ANSWERS ..... 10


## 07 FEB-2023


- ગંગા બેસિનમાં ભૂગર્ભ જળની અછત ..... 11
- ભારત ઊર્જા સપ્તાહ (India Energy week) 2023 ..... 12
- E20 ઇંધણ (E20 Fuels) ..... 13
- ભારતનું સૌથી મોટું હેલિકોપ્ટર ઉત્પાદન એકમ : તુમકુરુ, કર્ણાટક ..... 14
- QUESTION ANSWERS ..... 16


## 08 FEB-2023


- તુર્કી અને સીરિયામાં વિનાશક ભુકંપ ..... 17
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) ..... 22
- વિશ્વભારતીને વિશ્વની પ્રથમ લિવિંગ હેરિટેજ યુનિવર્સિટીનો દરજ્જો મળશે ..... 23
- યુવા સંગમ રજીસ્ટ્રેશન પોર્ટલ (Yuva Sangam Registration Portal) ..... 24
- ગુરુ સૌથી વધુ ચંદ્રો ધરાવતો ગ્રહ બન્યો ..... 24
- QUESTION ANSWERS ..... 26


## 09 FEB-2023


- ઓપરેશન દોસ્ત (Operation Dost) ..... 27
- NISAR સેટેલાઈટ 2024માં લોન્ચ કરવામાં આવશે ..... 27
- ભારતનો પ્રથમ હાઈડ્રોજન ઈન્ટરનલ કમ્બશન એન્જિન (H2-ICE) ટ્રક ..... 29
- RBI રેપો રેટ વધારી 6.50 ટકા કર્યો ..... 30
- QUESTION ANSWERS ..... 31


## 10 FEB-2023


- દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, મણિપુર, વિશ્વ દાળ દિવસ (World Pulses Day) ..... 32
- ક્વાડ દેશોએ ક્વાડ સાયબર ચેલેન્જ શરૂ કરી ..... 32
- ડિજિટલ પેમેન્ટ ઉત્સવ (Digital Payments Utsav) ..... 33
- સશસ્ત્ર પ્રિડેક્ટર ડ્રોન (Armed Predator Drones) ..... 34
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટે INS વિક્રાંત પર સફળ લેન્ડિંગ કર્યું ..... 35
- QUESTION ANSWERS ..... 38


## 11 FEB-2023


- દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ, વિશ્વ યુનાની દિવસ ..... 39
- CAR T-Cell Therapy ..... 40
- QUESTION ANSWERS ..... 41

ONE LINER ..... 42

QUESTION OF THIS WEEK ..... 50


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હરિયાણાના સૂરજકુંડ ખાતે સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ




તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે હરિયાણાના ફરીદાબાદ ખાતે 36માં સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળાનું ઉદ્ઘાટન કર્યુ હતું.

- 3 ફેબ્રુઆરી થી 19 ફેબ્રુઆરી 2023 દરમિયાન હરિયાણાના ફરિદાબાદ જિલ્લાના સૂરજકુંડ ખાતે '36મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો 2023' (36th Surajkund International Crafts Mela 2023)નું આયોજન કરવામાં આવ્યું છે.
- સૂરજકુંડ ખાતે યોજાતો આ મેળો વિશ્વનો સૌથી મોટો હસ્તકલા મેળો છે.
- સૂરજકુંડ ખાતે યોજાતા આ મેળાનો પ્રારંભ વર્ષ 1987થી થયો હતો.
- શ્રી જગદીપ ધનખરે આ પ્રસંગે દરેકને વિનંતી કરી હતી કે તેઓ તેમના મિત્રો અને સંબંધીઓને ભેટો શોધતી વખતે સ્થાનિક રીતે ઉત્પાદિત હસ્તકલા વસ્તુઓને ધ્યાનમાં લે.
- આ મેળામાં લાખો પ્રવાસીઓ ભાગ લે છે.
- આ મેળામાં અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કારીગરો પોતાની કલા તથા સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### મેળાનું આયોજન

આ મેળાનું આયોજન દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં સૂરજકુંડ મેળા ઓથોરિટી અને હરિયાણા ટુરિઝમ દ્વારા કેન્દ્રીય પ્રવાસન, કાપડ, સંસ્કૃતિ અને વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવે છે.

### ભાગીદાર રાજ્ય/થીમ સ્ટેટ

સૂરજકુંડ મેળાનું આયોજન દર વર્ષે એક નવી થીમ પર કરવામાં આવે છે. અને તેના આધારે મેળાને શણગારવામાં આવે છે.

- આ અંતર્ગત આ મેળામાં થીમ સ્ટેટ તરીકે આ વર્ષે 'પૂર્વોત્તર ક્ષેત્ર' એટલે કે 'નોર્થ ઈસ્ટર્ન રિજન' (NER) છે.
- જેમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.
- પૂર્વોત્તર ક્ષેત્ર ભારતની લૂક–ઈસ્ટ અને એક્ટ–ઈસ્ટ પોલિસીમાં મહત્વનો હિસ્સેદાર છે.
- આ રાજ્યો એક મંચ પર તેમની કલા અને હસ્તકલા પ્રદર્શિત કરવા ભેગા થશે.

## ભાગીદાર રાષ્ટ્ર

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) એ 36મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો 2023માં ભાગીદાર રાષ્ટ્ર છે.

- આ વર્ષે મેળામાં 25 થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે.

## 2025માં મેડ્રિડ ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારત થીમ કન્ટ્રી હશે

ભારતમાં સ્પેનના રાજદૂત શ્રી જોસ મારિયા રિડાઓએ જણાવ્યું હતું કે 2025માં મેડ્રિડ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં ભારતને કેન્દ્રીય દેશ તરીકે આમંત્રિત કરવામાં આવશે.

- એટલે કે 2025 મેડ્રિડ ઈન્ટરનેશનલ બુક ફેર (અથવા 2025 મેડ્રિડ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળો) માટે ભારત થીમ કન્ટ્રી હશે.
- મેડ્રિડ પુસ્તક મેળો 1993થી સ્પેનમાં યોજાય છે.
- વિશ્વભરના પ્રકાશકો દ્વારા અસંખ્ય સ્ટોલ ઉભા કરવામાં આવે છે તથા મેળા દરમિયાન બુક સાઈનીંગ ઈવેન્ટ્સ પણ યોજવામાં આવે છે.
- મેળામાં વેચાતા મોટાભાગના પુસ્તકો સ્પેનિશ બોલાતા લોકોના છે. જોકે તે ગેસ્ટ કન્ટ્રી બુકને પ્રોત્સાહન આપે છે. 2025ના મેળામાં ભારતીય પુસ્તકોનો પ્રચાર કરવામાં આવશે.

**નોંધ :** જાન્યુઆરી, 2023માં કોલકાતામાં આયોજિત આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળા માટે સ્પેન થીમ દેશ હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરી દુનિયાના લોકપ્રિય નેતા

યુએસ સ્થિત કન્સલ્ટિંગ ફર્મ 'મોર્નિંગ કન્સલ્ટ' દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 78%ના એપ્રૂવલ રેટિંગ સાથે વિશ્વના લોકપ્રિય નેતા ગણાવ્યા છે.




- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડન, બ્રિટનના વડાપ્રધાન શ્રી ઋષિ સુનક સહિત અન્ય દેશોના દિગ્ગજ નેતાઓને પાછળ રાખીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.
- પોલ રેટિંગ માટે 22 વૈશ્વિક નેતાઓનો સર્વે કરવામાં આવ્યો હતો.

- આ યાદીમાં બીજા સ્થાને મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રેડોર છે, જેમને 68% એપ્રૂવલ રેટિંગ પ્રાપ્ત થયું છે.
- જ્યારે ત્રીજા નંબર પર સ્વિત્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ એલન બેરસટ છે, જેમને 62 એપ્રૂવલ રેટિંગ મળ્યું છે.

નોંધ : (1) યુએસ સ્થિત મોર્નિંગ કન્સલ્ટ એ 2014માં સ્થપાયેલી એક બિઝનેસ ઈન્ટેલિજન્સ કંપની છે.

(2) આ કંપની ઓનલાઈન સર્વેક્ષણ સંશોધન ટેક્નોલોજીમાં નિષ્ણાત છે.

(3) તે બિઝનેસ, માર્કેટિંગ, અર્થશાસ્ત્ર અને રાજકરણમાં સંસ્થાઓને વૈશ્વિક સર્વેક્ષણ સંશોધન સાધનો, ડેટા સેવાઓ અને સમાચાર પ્રદાન કરે છે.



| | | |
|---|---|---|
| **1.** | તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?<br>(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા (C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ | (B) |
| **2.** | તાજેતરમાં ભારતમાં હરિયાણામાં આવેલા કયા સ્થળે વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?<br>(A) સૂરજકુંડ, જિ. ફરિદાબાદ (B) સૂરજકુંડ, જિ. ફતેહબાદ<br>(C) સૂરજકુંડ, જિ. ગુરુગ્રામ (D) સૂરજકુંડ, જિ. પાણીપત | (A) |
| **3.** | વર્ષ 2023માં હરિયાણાના ફરિદાબાદ જિલ્લામાં કેટલામો 'સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો' યોજાયો હતો ?<br>(A) 33મો (B) 34મો (C) 35મો (D) 36મો | (D) |
| **4.** | તાજેતરમાં હરિયાણામાં યોજાયેલા '36મો સૂરજકુંડ હસ્તકલા મેળો 2023'માં થીમ સ્ટેટ તરીકે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ/ક્ષેત્રની પસંદગી કરવામાં આવી છે ?<br>(A) મહારાષ્ટ્ર (B) લદ્દાખ<br>(C) પૂર્વોત્તર ક્ષેત્ર (NER) (D) જમ્મુ કાશ્મીર | (C) |
| **5.** | તાજેતરમાં હરિયાણામાં યોજાયેલા '36માં સૂરજકુંડ હસ્તકલા મેળો 2023'માં કયો દેશ/ક્ષેત્ર/જૂથ 'ભાગીદાર રાષ્ટ્ર' છે ?<br>(A) SCO (B) BIMSTEC (C) ઈજિપ્ત (D) કેન્યા | (A) |
| **6.** | 2025માં મેડ્રિડ ઈન્ટરનેશનલ બુક ફેરમાં કયો દેશ થીમ કન્ટ્રી હશે ?<br>(A) બાંગ્લાદેશ (B) ચીન (C) ભારત (D) રશિયા | (C) |
| **7.** | તાજેતરમાં 'મોર્નિંગ કન્સલ્ટ' દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ કયા નેતા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા એટલે કે આ યાદીમાં ટોચ પર છે ? (જાન્યુઆરી 2023)<br>(A) શ્રી જો બાઈડન (B) શ્રી ઋષિ સુનક<br>(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) શ્રી વ્લાદીમીર પુતિન | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમેરિકાએ ચીનનો જાસૂસી બલૂન તોડી પાડ્યો



અમેરિકાની સેનાએ જાન્યુઆરી, 2023ના અંત સુધીમાં અલાસ્કા નજીક એક ચીની જાસૂસી બલૂન જોયો હતો.

- આ ઉપરાંત અમેરિકાના અન્ય મહત્વના ક્ષેત્રોમાં પણ આ બલૂન ઉડતું જોવા મળ્યું હતું.
- અમેરિકાની સેનાને શંકા હતી કે બલૂન જાસૂસી કરી રહ્યું છે અને અહીંની જાણકારી ચીન સુધી પહોંચાડે છે.
- આ બલૂન 60,000 ફૂટની ઊંચાઈ પર ઉડતો હતો. જોકે અમેરિકાના લોકો માટે કોઈ ખતરો ન હતો.
- યુએસ આર્મીએ આ બલૂનને તેના F-22 ફાઈટર જેટથી તોડી પાડ્યું હતું, આ દરમિયાન 1000થી વધુ ગોળીઓ છોડવામાં આવી હતી.

### જાસૂસી બલૂન (SPY Balloon)

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાસૂસી ફુગ્ગા(બલૂન)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- આ ઉપરાંત શીત યુદ્ધ દરમિયાન જ્યારે જ્યારે યુએસએ સોવિયત યુનિયન અને ચીન પર ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે સેંકડો ફુગ્ગાઓ લોન્ચ કર્યા હતા. ત્યારે તેનો વ્યાપક ઉપયોગ કરવા આવ્યો હતો.
- તેનો સૌપ્રથમ ઉપયોગ 18મી સદીમાં ફ્રેન્ચ યુદ્ધો દરમિયાન થયો હતો.
- માનવરહિત ડ્રોન અને ઉપગ્રહોના ઉપયોગને કારણે તેમનો ઉપયોગ ઘટ્યો છે, પરંતુ ઘણા દેશો હજુ પણ દેખરેખ માટે ફુગ્ગાઓનો ઉપયોગ કરે છે.
- ઉચ્ચ ઊંચાઈએથી ઉપગ્રહોથી વિપરીત, જાસૂસી બલૂન અથવા જાસૂસી ફુગ્ગાઓ ઓછી ઊંચાઈ પરથી જોઈ શકે છે.
- તેમજ જાસૂસી ફુગ્ગાઓમાંથી જે દૃશ્ય જોવા મળે છે તે વધુ સ્પષ્ટ અને લાંબા હોય છે.

**નોંધ :** દાયકાઓથી ચીને તેની સરહદ નજીક યુએસ જહાજો અને જાસૂસી વિમાનો દ્વારા દેખરેખ અંગે ફરિયાદ કરી છે, જે કેટલીક વાર અથડામણમાં પરિણમે છે. ચીનના મતે આ બલૂન રિસર્ચ માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ તે પોતાનો રસ્તો ખોઈ બેઠો હતો.

## ભારત - ફ્રાન્સ - UAE ત્રિપક્ષીય કરાર

તાજેતરમાં ભારત, ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાત (UAE)એ આબોહવા પરિવર્તનની અસરોને હળવી કરવા અને જૈવવિવિધતાને સુરક્ષિત કરવા તેમજ પરમાણુ અને સૌર ઊર્જાના વિકાસ પર સહકાર આપવા સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યુ છે.

- સપ્ટેમ્બર 2022માં યુએન જનરલ એસેમ્બલી દરમિયાન ત્રિપક્ષીય પર પ્રથમ વખત ચર્ચા કરવામાં આવી હતી.
- આ પહેલ નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે :

(a) પરમાણુ અને સૌર શક્તિ

(b) આબોહવા પરિવર્તન અને જૈવવિવિધતા

(c) સંરક્ષણ તૈયારી

(d) ચેપી રોગોનો સામનો કરવો



### ત્રિપક્ષીય સહકારનો એજન્ડા

તે સૌર અને પરમાણુ ઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરીને ઊર્જા ક્ષેત્રોમાં સહકાર પ્રોજેક્ટની ડિઝાઈન અને અમલીકરણને પ્રોત્સાહન આપવા માટે એક મંચ તરીકે સેવા આપશે.

- આ પહેલ આબોહવા પરિવર્તન સામેની લડાઈ અને જૈવવિવિધતાના રક્ષણમાં પણ મદદ કરશે, ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં.
- ત્રણેય પક્ષો ભારતના મિશન Lifeના નેજા હેઠળ પરિપત્ર અર્થતંત્ર (Circular economy)ના ક્ષેત્રમાં સહયોગ કરવા ઈચ્છે છે.
- તેઓ UAEની આગેવાની હેઠળના મેન્ગ્રોવ એલાયન્સ ફોર ક્લાઈમેટ તથા ભારત અને ફ્રાન્સની આગેવાની હેઠળની ઈન્ડો–પેસિફિક પાર્ક્સ પાર્ટનરશિપ જેવી પહેલો દ્વારા તેમનો સહકાર સાધવા સંમત થયા હતા.
- ત્રણેય દેશો સંરક્ષણ ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવા, ચેપી રોગો સામે લડવા અને વિશ્વ આરોગ્ય સંસ્થા, ગાવી–વેક્સિન એલાયન્સ, ગ્લોબલ ફંડ જેવી આરોગ્ય સંસ્થાઓમાં સહકારને પ્રોત્સાહન આપવા સંમત થયા છે.
- આ ઉપરાંત ત્રણેય દેશો 'એક આરોગ્ય' અભિગમને અમલમાં મુકવા માટે મજબૂત સહકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે, તેમજ વિકાસશિલ દેશોમાં બાયોમેડિકલ નવીનતા અને ઉત્પાદનમાં સ્થાનિક ક્ષમતાઓના વિકાસને ટેકો આપશે.

### મહત્વ

ભારત <u>G20</u>ની યજમાની કરી રહ્યું છે અને UAE <u>COP-28</u>નું આયોજન કરી રહ્યું છે.

- આ પહેલ વૈશ્વિક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા ઉત્તમ પ્લેટફોર્મ છે.
- આ પહેલ ટકાઉ પ્રોજેક્ટ્સ પર કામ કરતી એજન્સીઓ અને હિતધારકોને એકસાથે લાવશે.
- ઉપરાંત દેશોને તેમની તકનીકી, સામાજિક અને આર્થિક નીતિઓની રૂપરેખા બનાવવાની તક મળે છે.

## દેવઘર માર્ટ : ઝારખંડના સ્થાનિક કારીગરો માટે ઓનલાઈન બજાર

<u>દેવઘર માર્ટ</u> એ સ્થાનિક કળા અને હસ્તકલા વેચતી <u>ઈ–કોમર્સ વેબસાઈટ</u> છે.

- તેનું લોકાર્પણ <u>શ્રી મંજુનાથ ભંજંત્રી</u> દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ મૂળ વાંસના કારીગર સમુદાયના છે.
- તેમના ગામમાં 34થી વધુ વિવિધ કારીગર પરિવારો છે.
- દેવઘર માર્ટ દ્વારા શ્રી મંજુનાથે તેમની સામુદાયિક કુશળતા લોકો સુધી પહોંચાડી છે.

### દેવઘર માર્ટ

દેવઘર માર્ટ શરૂ કરવાનો ઉદ્દેશ્ય <u>કારીગરો અને કારીગરોની કૃતિઓ</u>ને <u>વૈશ્વિક બજાર</u>માં લઈ જવાનો છે.

- આ પ્લેટફોર્મ મુખ્યત્વે <u>સ્થાનિક કલા અને હસ્તકલાને</u> લક્ષ્ય બનાવે છે.
- તે મીઠાઈઓ, પેડા, કપડાં, હસ્તકલા, લલિતકળા, ઓર્ગેનિક ઉત્પાદનો, વન ઉત્પાદનો, અગરબત્તીઓ વગેરેનું વેચાણ કરે છે. તથા પ્રદેશની સ્થાનિક વસતી આ તમામનું ઉત્પાદન કરે છે.
- આ પહેલ મુખ્યત્વે પ્રદેશના આદિવાસી લોકોની કળા અને હસ્તકલાને ટેકો આપવા માટે શરૂ કરવામાં આવી છે.

**નોંધ :** (1) દેવઘર <u>ઝારખંડનું</u> મહત્વનું શહેર છે. બૈધનાથ મંદિર, 12 જ્યોતિર્લિંગમાંનું એક અહીં સ્થિત છે. આ શહેર સામાન્ય રીતે તેની વિવિધતા માટે ઝારખંડની સાંસ્કૃતિક રાજધાની તરીકે ઓળખાય છે.

(2) દેવઘરમાં <u>ખોરથા અને સંથાલી</u> મુખ્ય જાતિઓ છે.

## એર માર્શલ એ.પી.સિંઘ ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ બન્યા

એર ઓફિસર <u>શ્રી એ.પી.સિંઘ(અમર પ્રીત સિંઘ)</u>ની તાજેતરમાં ભારતીય <u>વાયુસેનાના વાઈસ ચીફ</u> તરીકે નિમણુક કરવામાં આવી છે.



- તેઓ ભારતીય વાયુસેનાના વાઈસ ચીફ તરીકે <u>એર માર્શલ સંદીપ સિંહનું</u> સ્થાન લેશે. જેઓ તાજેતરમાં નિવૃત્ત થયા છે.
- એ.પી. સિંઘ <u>નેશનલ ડિફેન્સ એકેડમી</u>ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- તેમને <u>21 ડિસેમ્બર, 1984</u>માં ભારતીય વાયુસેનાના ફાઈટર સ્ટ્રીમમાં કમિશન આપવામાં આવ્યું હતું.
- તેમણે ટેસ્ટ પાઈલટ તરીકે <u>4900 કલાકથી</u> વધુ સમય માટે સેવા આપી છે.
- તેમણે મિગ 27 સ્ક્વોડ્રનના કમાન્ડિંગ ઓફિસર તરીકે પણ સેવા આપી છે.

નોંધ : (1) એરમાર્શલ ભારતીય વાયુસેનામાં બીજા ક્રમે છે, આ અધિકારી ત્રણ સ્ટાર ધરાવે છે.

(2) હાલમાં ભારતીય વાયુસેનાના અધ્યક્ષ <u>શ્રી વિવેક રામ ચૌધરી</u> છે.



1. તાજેતરમાં અમેરિકાની સેનાએ કયા દેશના 'જાસૂસી બલૂન' (SPY Ballon)ને તોડી પાડ્યો હતો ?

(A) જાપાન (B) ચીન (C) ફિલિપાઈન્સ (D) મેક્સિકો **(B)**

2. ભારત, ફ્રાન્સ અને યુ.એ.ઈ પરસ્પર હિતના વિવિધ ક્ષેત્રોમાં સહકારને વિસ્તૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ઔપચારિક ત્રિપક્ષીય સહકાર પહેલ સ્થાપિત કરવા સંમંત થયા છે. આ ત્રિપક્ષીય સહકારના એજન્ડા વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પહેલ આબોહવા પરિવર્તન સામેની લડાઈ અને જૈવવિવિધતાના રક્ષણમાં પણ મદદ કરશે, ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં.
2. તે સૌર અને પરમાણુ ઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરીને ઊર્જા ક્ષેત્રોમાં સહકાર પ્રોજેક્ટની ડિઝાઈન અને અમલીકરણને પ્રોત્સાહન આપવા માટે એક મંચ તરીકે સેવા આપશે.
3. ત્રણેય દેશો સંરક્ષણ ક્ષેત્ર, ચેપી રોગ સામે લડવા, WHO, ગાવી–વેક્સિન એલાયન્સ, ગ્લોબલ ફંડ વગેરે જેવી સંસ્થા અને ક્ષેત્રમાં સહકાર આપવા સંમત થયા હતા.
4. આ ઉપરાંત ત્રણેય દેશો 'Troika' નામની ત્રીપક્ષીય નૌસેનાની કવાયતનું આયોજન કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'દેવઘર માર્ટ' કયા રાજ્યના સ્થાનિક કારિગરો માટે ઓનલાઈન બજાર છે ?

(A) બિહાર (B) ઓડિશા (C) કર્ણાટક (D) ઝારખંડ **(D)**

4. તાજેતરમાં કોની ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એ.પી.સિંઘ (B) શ્રી વાય.એસ.ચૌહાણ

(C) શ્રી પી.એન.સિંઘ (D) શ્રી અનીલ ધનોઆ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગંગા બેસિનમાં ભૂગર્ભ જળની અછત

તાજેતરના એક અભ્યાસ મુજબ ભારતીય ગંગા બેસિનમાં ભૂગર્ભજળના સંગ્રહનું સ્તર દર વર્ષે 2.6 સેન્ટિમીટર ઘટી રહ્યું છે.

- અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગંગા બેસિનના જળચર/જળભર (Aquifers) એ વિશ્વના ભૂગર્ભજળના સૌથી મોટા જળાશયોમાંનું એક છે.

### અહેવાલના તારણો




સૌપ્રથમ ટીમે સેન્ટ્રલ ગ્રાઉન્ડવોટર બોર્ડ પાસેથી 1996 અને 2017 વચ્ચેના ભૂગર્ભજળ સ્તરનો ડેટા એકત્રિત કર્યો હતો.

- જેના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે વર્ષ 1996 થી 2017ની વચ્ચે સરેરાશ ભૂગર્ભ જળ સ્તર 2.6 સે.મી. વર્ષ-1ના દરે ઘટી રહ્યું છે.
- ગ્રેવીટી રિકવરી એન્ડ ક્લાઈમેટ એક્સપરીમેન્ટ (GRACE)માંથી મેળવેલા સેટેલાઈટ ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે દર વર્ષે 1.7 સે.મી.-1નું સરેરાશ નુકસાન થયું છે.
- નોંધનીય છે કે GRACE ઉપગ્રહ, 2002માં લોન્ચ કરવામાં આવ્યો હતો, જે જમીન, બરફ અને સમુદ્ર પર પૃથ્વીના જળાશયોને માપે છે.
- ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં સરેરાશ સંગ્રહમાં ઘટાડો અનુક્રમે 2 સે.મી. વર્ષ-1, 1 સે.મી. વર્ષ-1નો અને 0.6 સેમી વર્ષ-1 હોવાનો અંદાજ હતો.
- રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં આ અસરો વધુ જોવા મળી હતી, સરેરાશ સંગ્રહમાં અનુક્રમે લગભગ 14 સે.મી. વર્ષ-1, 7.5 સે.મી. વર્ષ-1 અને 7.2 સેમી વર્ષ-1નો ઘટાડો થયો હતો.
- પશ્ચિમ અને દક્ષિણ–પશ્ચિમ પ્રદેશો, જેમાં કૃષિ ક્ષેત્રો અને શહેરી વિસ્તારો જેમ કે દિલ્હી અને આગ્રાને સૌથી વધુ નુકસાન થયું છે.
- દિલ્હી અને હરિયાણામાં ભૂગર્ભ જળ ઉપાડ દર ઊંચો છે, જે ભારે ઘટાડાનો ઉલ્લેખ કરે છે.
- બ્રહ્મપુત્રા બેસિનમાં ગંગા અને સિંધુ બેસિન કરતા ભૂગર્ભજળના સ્તરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે.

## ભારત ઊર્જા સપ્તાહ (India Energy Week) 2023

કર્ણાટકના બેંગ્લુરુમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયા એનર્જી વીકનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.




- ઈન્ડિયા એનર્જી વીકનું આયોજન બેંગ્લોરમાં 6 થી 8 ફેબ્રુઆરી, 2023 દરમિયાન થયું હતું.
- આ ઈવેન્ટ ઊર્જા સુરક્ષા અને ભારતના ઊર્જા સંક્રમણ લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- તેમાં 2070 સુધીમાં નેટ–શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય સિદ્ધિનો સમાવેશ થાય છે.
- ઈવેન્ટની મુખ્ય વિશેષતા એ 11 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 84થી વધુ આઉટલેટ્સમાં E20 ઈંધણનું લોન્ચિંગ છે.

### ઈન્ડિયા એનર્જી વીક 2023નું મહત્વ

ઈન્ડિયા એનર્જી વીક સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થઈ રહ્યું છે કારણ કે તે વૈશ્વિક ઊર્જા કટોકટીના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે.

- યુક્રેન–રશિયા યુદ્ધને કારણે આ સંકટ ઉભુ થયું છે. યુક્રેનમાં રશિયાની કાર્યવાહીનો સામનો કરવા માટે યુરોપિયન યુનિયને અનેક પગલાં લીધા હતા.
- ભારત ગેસ આધારિત અર્થવ્યવસ્થા બનવા અને 2070 સુધીમાં નેટ–શૂન્ય ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા તેના પ્રયત્નોને વેગ આપે છે.
- ઝડપથી વિકાસશીલ દેશ તરીકે અને ટૂંક સમયમાં જ વિશ્વનું સૌથી વધુ વસતી ધરાવતું રાષ્ટ્ર બનવા માટે ભારતનું ઊર્જા સંક્રમણ વૈશ્વિક ઊર્જા બજારોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

### ઈન્ડિયા એનર્જી વીક 2023ના અન્ય મુખ્ય મુદ્દાઓ

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ E20 ઈંધણ લોન્ચ કર્યુ હતું.

- તથા તુમકુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની હેલિકોપ્ટર ફેક્ટરી રાષ્ટ્રને સમર્પિત કરી હતી.
- સરકાર 2025 સુધીમાં ઈથેનોલનું સંપૂર્ણ 20 ટકા મિશ્રણ હાંસલ કરવાનું લક્ષ્ય ધરાવે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'UNBOTTLED' પહેલ શરૂ કરવામાં આવી હતી, આ પહેલનો હેતુ સિંગલ–યુઝ પ્લાસ્ટિકને તબક્કાવાર રીતે દૂર કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- GAIL, HPCL, IOCL, BPCL, ONGC અને ટોટલ ગેસ જેવી ભારતીય કંપનીઓ નવા ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કર્યુ હતું.
- ઓઈલ કંપનીઓ 2G ઈથેનોલ પ્લાન્ટ અને 3G ઈથેનોલ પ્લાન્ટ સ્થાપવા વિશે ચર્ચા કરી હતી.

**નોંધ :** ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના આશ્રય હેઠળ આયોજિત ઈન્ડિયા એનર્જી વીક એ ભારત સરકારના સર્વોચ્ચ સ્તરે સમર્થિત એકમાત્ર અને સર્વગ્રાહી આંતરરાષ્ટ્રીય ઊર્જા ઈવેન્ટ છે. જેમાં તમામ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU)ની ભાગીદારી છે અને સત્તાવાર રીતે ફેડરેશન ઓફ ઈન્ડિયા પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રી (FIPI) દ્વારા સમર્થિત છે.

## E20 ઇંધણ (E20 Fuels)



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયા એનર્જી વીક 2023 ઈવેન્ટ દરમિયાન E20 ઈંધણ (E20 Fuels) લોન્ચ કર્યુ હતું.

- ભારતમાં 11 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા 83 સ્થળોએ આ ઈંધણ લોન્ચ કરવામાં આવી રહ્યું છે.
- આ ઉપરાંત આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ HPCL દ્વારા આયોજિત ગ્રીન મોબિલિટીને પણ લીલી ઝંડી આપી હતી.

### E20 ઇંધણ શું છે ?

E20નો અર્થ એ છે કે ઈંધણમાં 20% ઈથેનોલ અને 80% ગેસોલિન હોય છે.

- E20માં સંખ્યાઓ ગેસોલિન સાથે મિશ્રિત ઈથેનોલના ગુણોત્તરને દર્શાવે છે.
- આજે ભારતમાં ઈથેનોલના મિશ્રણની ટકાવારી 10 છે. એટલે કે ભારત E10 ઈંધણનો ઉપયોગ કરી રહ્યો છે.
- વિશ્વના સૌથી મોટા બાયોફ્યુઅલ ઉત્પાદકો જેમ કે બ્રાઝિલ અને યુએસ પહેલાથી જ E100 ઈંધણ સુરક્ષિત કરી ચૂક્યા છે.

### શા માટે E20 બાયોફ્યુઅલ છે ?

ઈથેનોલ કુદરતી સ્ત્રોત ખાંડને આથો આપીને બનાવવામાં આવે છે.

- અથવા આથોની પ્રક્રિયાનો ઉપયોગ કરીને શેરડી, મકાઈ, ઘઉં વગેરે જેવા સ્ટાર્ચનું પ્રમાણ વધારે હોય તેવા પાકોમાંથી ઈથેનોલ બનાવી શકાય છે.
- તે સળગતી વખતે ખૂબ જ ઓછા અવશેષો છોડે છે. અને તેથી હવાને સ્વચ્છ રાખે છે.

- ભારત ઘણી બધી શેરડીનું ઉત્પાદન કરે છે અને તેથી E20 દેશની ઈંધણની માંગને પહોંચી વળવાની સારી ક્ષમતા ધરાવે છે.

## E20થી ભારતને કેવી રીતે ફાયદો થશે ?

ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ ઘણું ઓછું છે. ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા યોજના પ્રમાણે વધી રહી નથી.

- ઉપરાંત અન્ય દેશોની સરખામણીમાં ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન પણ ઓછું છે.
- E20 આ પરિસ્થિતિ માટે સારી પસંદગી છે. ભારત ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન હાંસલ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.
- E20 અને ઈલેક્ટ્રિક વાહનો બંને ઉત્સર્જન મુક્ત દેશ બનવાના ઉપાય છે.

## ઈથેનોલ

ઈથેનોલ એક કાર્બનિક રાસાયણિક સંયોજન છે.

- તે રાસાયણિક સૂત્ર $C_2H_6O$ સાથેનો સરળ આલ્કોહોલ છે.
- તે અસ્થિર, જ્વલનશીલ, રંગહીન પ્રવાહી છે. જેમાં લાક્ષણિક વાઈન જેવી ગંધ અને તીખો સ્વાદ હોય છે.
- શેરડી, મકાઈ, ઘઉં વગેરે જેવા સ્ટાર્ચનું પ્રમાણ વધુ હોય તેવા પાકમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરી શકાય છે.
- ભારતમાં ઈથેનોલ મુખ્યત્વે શેરડીના મોલેસીસમાંથી બનાવવામાં આવે છે.
- વિવિધ પ્રકારના મિશ્રણ ઉત્પાદનો બનાવવા માટે ગેસોલિન સાથે ઈથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે.
- ઈથેનોલમાં ઓક્સિજનના પરમાણુઓ હોય છે, તેથી પેટ્રોલ સાથે ઈથેનોલનું મિશ્રણ ઈંધણના વધુ સંપૂર્ણ કમ્બશન માટે પરવાનગી આપે છે. જેના પરિણામે પર્યાવરણીય પ્રદૂષકોના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતનું સૌથી મોટું હેલિકોપ્ટર ઉત્પાદન એકમ : તુમકુરુ, કર્ણાટક

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્ણાટકના તુમકુરુ ખાતે દેશના સૌથી મોટા હેલિકોપ્ટર ઉત્પાદન એકમનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.



- નોંધનીય છે કે વર્ષ 2016માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યુનિટનો શિલાયન્સ કર્યો હતો. આ યુનિટ હવે તેની કામગીરી શરૂ કરવા જઈ રહ્યું છે.

- HALનો આ યુનિટ એક હજારથી વધુ હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે અને ભારતને હેલિકોપ્ટરમાં આત્મનિર્ભર બનાવશે.
- તાજેતરમાં ભારતીય વાયુસેના અને ભારતીય સેનાને 15 LCH (લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર) એનાયત કરવામાં આવ્યા હતા પરંતુ હવે 160 હેલિકોપ્ટરની જરૂરિયાત છે.

## નવા મેન્યુફેક્ચરિંગ યુનિટ વિશે ?

એકમનું સંચાલન HAL (હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ) દ્વારા કરવામાં આવશે.

- આ યુનિટ કર્ણાટકના તુમકુરુમાં આવેલ છે. તે 615 એકર જમીનમાં ફેલાયેલ છે.
- આ હેલિકોપ્ટર ફેક્ટરી એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર ઉત્પાદન સુવિધા છે.
- આ યુનિટ 20 વર્ષમાં એક હજાર હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે. હેલિકોપ્ટરનું વજન ત્રણથી પંદર ટન જેટલું હશે.
- આ સુવિધા આ વિસ્તારમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારને પ્રોત્સાહન આપશે. ઉપરાંત તે પ્રદેશમાં કોર્પોરેટ સામાજિક જવાબદારીઓમાં યોગદાન આપશે.
- મુખ્ય ઉદ્દેશ્ય આ સુવિધાને ભારતની તમામ હેલિકોપ્ટરની જરૂરિયાતો માટે વન–સ્ટોપ સોલ્યુશન બનાવવાનો છે.
- શરૂઆતમાં તે LCH અને LUHનું ઉત્પાદન કરશે. પછીના તબક્કામાં તે ભારતીય મલ્ટીરોલ હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે.
- દર વર્ષે યુનિટ પ્રારંભિક તબક્કામાં 30 હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે. બાદમાં સંખ્યા વધારીને દર વર્ષે 60 અને પછી દર વર્ષે 90 કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર (LUH)નું પણ અનાવરણ કર્યુ હતું. જેનું ફ્લાઈટ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું.

(2) LUHને ચીતા અને ચેતક હેલિકોપ્ટરના રિપ્લેસમેન્ટ તરીકે ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે જેનું સંચાલન ભારતીય સશસ્ત્રો દળો દ્વારા કરવામાં આવે છે.

(3) બેંગ્લુરુમાં વર્તમાન HAL સંકુલની કામગીરી ઓવરલોડ છે. ભારતીય સેના, ભારતીય નૌકાદળ, વાયુસેના અને અર્ધલશ્કરી દળોમાં હેલિકોપ્ટરની જરૂરિયાત ખૂબ જ મોટી છે. આ કારણોસર નવી સુવિધાઓ શરૂ કરવામાં આવી છે.

**1.** તાજેતરના એક અભ્યાસ મુજબ ભારતીય ગંગા બેસિનમાં ભૂગર્ભજળના સંગ્રહનું સ્તર દર વર્ષે _____ સેન્ટિમીટર ઘટી રહ્યું છે.

(A) 2.6 (B) 3.5 (C) 4.2 (D) 5.6 **(A)**

**2.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'ઈન્ડિયા એનર્જી વીક' અથવા 'ભારત ઊર્જા સપ્તાહ'નું ઉદ્ઘાટન કર્યુ હતું ?

(A) કોચી, કેરળ (B) પુણે, મહારાષ્ટ્ર (C) બેંગ્લુરુ, કર્ણાટક (D) ઈન્દોર, મધ્યપદેશ **(C)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ E20 ઈંધણ નીચેના પૈકી શેની સાથે સંબંધિત છે ?

(A) E-બેટરી
(B) ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ
(C) હાઈડ્રોજન ઈંધણ
(D) સૌર ઈંધણ **(B)**

**4.** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ડિયા એનર્જી વીક 2023 ઈવેન્ટ દરમિયાન 'E20 ઈંધણ' (E20 Fuels) લોન્ચ કર્યુ હતું. આ E20 ઈંધણ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) E20નો અર્થ એ છે કે ઈંધણમાં 20% ઈથેનોલ અને 80% ગેસોલિન હોય છે.
(B) તે સળગતી વખતે ખૂબ જ ઓછા અવશેષો છોડે છે. અને તેથી હવાને સ્વચ્છ રાખે છે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(C)**

**5.** તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે દેશના સૌથી મોટા હેલિકોપ્ટર ઉત્પાદન એકમનું ઉદ્ઘાટન કર્યુ હતું ?

(A) તુમકુરુ, કર્ણાટક
(B) ગાઝીપુર, ઉત્તરપ્રદેશ
(C) હૈદરાબાદ, તેલંગાણા
(D) મિર્ઝાપુર, ઉત્તરપ્રદેશ **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## તુર્કી અને સીરિયામાં વિનાશક ભૂકંપ



તાજેતરમાં તુર્કી અને સીરિયામાં 7.8 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના કારણે થયેલા વિનાશમાં હજારો લોકોના મૃત્યુ થયા છે.

- આ ભૂકંપ અત્યાર સુધીનો સૌથી મોટો ભૂકંપ છે.
- તુર્કીના મીડિયા અનુસાર ભૂકંપના ત્રણ પ્રચંડ આંચકા આવ્યા હતા. જેમાં એક ભૂકંપ 7.8 જ્યારે બીજો આંચકો 7.6 તીવ્રતાનો અને ત્રીજો આંચકો 6.0 તીવ્રતાનો હતો.
- તથા 60 થી વધુ આફટરશોક્સ નોંધાયા હતા.
- ભૂકંપનું કેન્દ્ર નૂરદગીથી 23 કિ.મી. પૂર્વમાં હતું. તે ગાઝિયનટેપ પ્રાંતમાં આવેલું છે.
- આ ધરતીકંપ અથવા ભૂકંપ 'સ્ટ્રાઈક–સ્લિપ કંપ' હતો જે પ્રમાણમાં છીછરી ઊંડાઈએ ઉદ્‌ભવ્યો હતો.
- તેને તુર્કીમાં સદીનો સૌથી શક્તિશાળી ભૂકંપ અને 1939 પછીના સૌથી ભયાનક આફત ગણવામાં આવી રહ્યો છે.
- 1939નો ભૂકંપ એર્ઝિંકન ભૂકંપ હતો જેણે એર્ઝિંકન મેદાન અને કેલ્કિટ નદીની ખીણને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું.
- તુર્કી વારંવાર ભૂકંપથી હચમચી જાય છે. ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર 2020માં આ ક્ષેત્રમાં લગભગ 33,000 ભૂકંપ નોંધાયા હતા.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શા માટે તુર્કીમાં વિનાશક ભૂકંપ આવે છે ?

તુર્કીની ધરતીકંપની સંભાવના તેના ટેક્ટોનિક સ્થાનથી આવે છે. પૃથ્વીના સૌથી બહારના સ્તરમાં 15 મોટા સ્લેબનો સમાવેશ થાય છે. જેને ટેક્ટોનિક પ્લેટ્સ કહેવાય છે.

- આ પ્લેટો વચ્ચેની સીમાઓ ખડકોના બે બ્લોક્સ વચ્ચે ખામી અને ફ્રેક્ચરની સિસ્ટમ છે. આ ખામીઓ સાથે અચાનક હિલચાલ ભૂકંપનું કારણ બની શકે છે.
- તુર્કી એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટ પર સ્થિત છે, જે યુરેશિયન અને આફ્રિકન પ્લેટો વચ્ચે ફાચર છે.
- આ પ્લેટના પૂર્વમાં એનાટોલિયન ફોલ્ટ છે. ડાબી તરફ ટ્રાન્સફોર્મ ફોલ્ટ છે જે અરેબિયન પ્લેટ સાથે જોડાય છે.

- દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમમાં આફ્રિકન પ્લેટ છે. જ્યારે ઉત્તરની તરફ યુરેશિયન પ્લેટ છે. જે ઉત્તર એનાટોલિયન ફોલ્ટ ઝોન સાથે જોડાયેલી છે.
- ઘડિયાળના કાંટાથી વિપરીત દિશામાં ફરતી એનાટોલિયન ટેક્ટોનિક પ્લેટ તુર્કીની નીચે રહેલી એનાટોલિયન ટેક્નોનિકલ પ્લેટ ઘડિયાળના કાંટા કરતા વિપરીત દિશામાં ફરી રહી છે એટલે કે એન્ટિક્લોઝવાઈઝ.
- સાથે જ તે અરેબિયન પ્લેટને ધક્કો આપે છે. હવે આ ફરતી એનાટોલિયન પ્લેટને જ્યારે અરેબિયન પ્લેટ ધક્કો મારે છે ત્યારે તે યૂરેશિયન પ્લેટ સાથે ટકરાય છે અને તેના કારણે ભૂકંપના જોરદાર આંચકા આવે છે.
- એક અનુમાન મુજબ તુર્કીનો લગભગ 95% વિસ્તાર ભૂકંપ માટે સંવેદનશીલ છે, જ્યારે દેશનો લગભગ એક તૃતીયાંશ હિસ્સો ઉચ્ચ જોખમમાં છે. જેમાં ઈસ્તંબુલ અને ઈઝમીરના મુખ્ય શહેરો અને પૂર્વી એનાટોલિયાની આસપાસના વિસ્તારો સામેલ છે.

## આફ્ટરશોક્સ શું છે ?

ઓફ્ટરશોક્સ પુનઃગોઠવણ અથવા પુનઃસમાયોજન પ્રક્રિયાઓ (Readjustment Processes) છે.


- તે ધરતીકંપ પછી આવે છે. કેટલીક વાર આફ્ટરશોક્સ દિવસો કે વર્ષો સુધી ચાલુ રહે છે.
- આફ્ટરશોક્સ નાના ધરતીકંપો છે અને ધરતીકંપ જેવી જ વિનાશક અસર ધરાવે છે.
- તે ફોલ્ટ ઝોનની નજીક થાય છે જ્યાં આંચકો ઉદ્ભવે છે.

## ભૂકંપ અથવા ધરતીકંપ વિશે

પેટાળની આંતરિક ગરમી અને દબાણના ફેરફારોને કારણે ખડક દ્રવ્યોના સ્વરૂપમાં પ્રસરણ કે સંકોચનની પ્રક્રિયા થાય છે. તેથી ભૂકવચમાં હલનચલન અનુભવાય છે. આ પ્રક્રિયાને 'ભૂ–સંચલન' કહે છે.

- ભૂસંચલન મંદ અને ઝડપી પણ હોઈ શકે છે. પૃથ્વીના પેટાળમાં ગરમી અને દબાણમાં ઝડપી ફેરફારોથી જે ભૂ–સંચલન અનુભવાય છે તેને ઝડપી ભૂ–સંચલન કહે છે.
- ભૂ–સંચલનની ક્રિયાને કારણે પૃથ્વીસપાટીનો અમુક નબળો ભાગ આકસ્મિક રીતે ધ્રુજી ઊઠે ત્યારે તે આકસ્મિક ધ્રુજારીને 'ભૂકંપ' (Earthquack) કહે છે.
- જે સ્થળેથી ભૂકંપ–મોજાં ઉત્પન્ન થાય છે તે સ્થળને 'ભૂકંપકેન્દ્ર' કહે છે.
- ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી ઉપરના સૌથી નજીકના સ્થળે જ્યાં ભૂકંપ–મોજાં સૌપ્રથમ પહોંચતા હોય તેને 'ભૂકંપ નિર્ગમન કેન્દ્ર' (Epicentre) કહે છે.
- ભૂકંપની સૌથી વધુ અસર ભૂ–સપાટી પરના નિર્ગમન કેન્દ્રના વિસ્તારમાં અનુભવાય છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## ભૂકંપ મોજાં

ભૂકંપ થાય છે ત્યારે ભૂકંપ કેન્દ્રમાંથી મોજાં ઉત્પન્ન થાય છે જેને 'ભૂકંપ મોજા' (Seismic Waves) કહે છે.

- આ ભૂકંપ મોજા પૃથ્વીના જુદા–જુદા ભાગોમાંથી તેમની ખાસિયતો મુજબ વિવિધ દિશાઓમાં જૂદી–જૂદી ગતિથી પસાર થાય છે.
- ભૂકંપ આલેખક યંત્રમાં તેની નોંધ લેવાય છે. જેના આધારે ભૂકંપના નકશા તૈયાર કરાય છે.
- ભૂકંપ આલેખ યંત્ર (Seismograph) દ્વારા ભૂકંપના મોજાંઓનું અંકન કરીને તેનો અભ્યાસ કરતું શાસ્ત્ર 'ભૂકંપ વિજ્ઞાન' (Seiesmology) તરીકે ઓળખાય છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભૂકંપના મોજા મુખ્યત્વે ત્રણ પ્રકારના છે જે નીચે મુજબ છે :

## (1) પ્રાથમિક મોજાં (લંબાત્મક મોજાં અથવા 'પી' મોજા) (P-Waves) :

આ ટૂંકી તરંગ લંબાઈના અને ઉચ્ચ આવૃત્તિવાળાં મોજાં છે.

- તેમાં અણુઓનું કંપન મોજાની લંબાઈની કે એની ગતિક્રિયા (Movement)ની દિશામાં થાય છે.
- આથી તેને 'લંબાત્મક મોજા' કહે છે. ટૂંકમાં તેને 'P' મોજાં પણ કહે છે.
- આ મોજાં અવાજના મોજાંને મળતા આવે છે. તે જ્યારે પૃથ્વીમાં પસાર થતા હોય છે ત્યારે દૂર ઊંડાણમાં વાદળોના ગડગડાટ કે પવનની ગર્જના થતી હોય એવો અવાજ સંભળાય છે.
- તે સૌથી ઝડપી મોજાં છે. તેથી ભૂકંપ નોંધણી કેન્દ્ર પર સૌપ્રથમ પહોંચે છે.
- તે ઘન, પ્રવાહી અને વાયુ માધ્યમમાંથી પસાર થાય છે. તેથી આ મોજા પૃથ્વીના બધા જ ભાગોમાંથી પસાર થઈ શકે છે.
- આ મોજા પ્રવાહી કરતા ઘન પદાર્થમાં વધુ વેગથી પસાર થાય છે.
- ટૂંકમાં જેમ માધ્યમ ક્ષેત્ર વધારે ઘન તેમ 'P' મોજાંની ગતિ વધે છે.
- 'P' મોજાં જ્યારે એક પ્રકારના માધ્યમથી બીજા પ્રકારના માધ્યમમાં પ્રવેશે છે ત્યારે તેની દિશા બદલે છે. પ્રવાહી માધ્યમમાં પ્રવેશતા તેની ગતિમાં ઘટાડો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (2) દ્વિતીયક મોજા (અથવા ગૌણ અથવા ઉપમોજા) (S-Waves) :

પ્રાથમિક મોજાં કરતા આ મોજાંઓનો વેગ ઓછો છે.

- તે માત્ર ઘન માધ્યમમાંથી જ પસાર થઈ શકે છે.
- આ મોજામાં અણુઓનું કંપન મોજાની ગતિક્રિયાની દિશાને કાટખૂણે ઉપર–નીચે થાય છે.
- આ કારણે તેને આડા મોજાં પણ કહે છે. આ ગૌણ મોજાને ટૂંકમાં 'S' મોજા કહેવામાં આવે છે.
- આ મોજા પ્રકાશના મોજાને મળતા આવે છે. સમુદ્ર અથવા પ્રવાહી માધ્યમમાં તે શાંત થઈ જાય છે.

**નોંધ :** પ્રાથમિક અને ગૌણ મોજાંના પરાવર્તન અને વક્રિભવનના ગુણધર્મો પૃથ્વીની આંતરિક રચના જાણવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## (3) સપાટીના મોજાં અથવા પૃષ્ઠીય મોજા (L-Waves) :

'P' મોજાં અને 'S' મોજાંના પ્રાથમિક કંપનો થોડા થોડા અવકાશે ઉત્પન્ન થયા પછી લાંબા સમયગાળાનું મુખ્ય કંપન ઉત્પન્ન થાય છે.

- જે પૃથ્વીની સપાટીએ પહોંચે છે અને પૃથ્વીની સપાટીના ભાગમાં પરિઘના લાંબા માર્ગે પ્રસરે છે.
- તળાવમાં પથ્થર નાખવાથી જેવા મોજા ઉત્પન્ન થાય છે તેવા આ મોજા છે.
- આ મોજાંને '<u>સપાટીના મોજાં</u>' અથવા <u>'L' મોજા</u> કહે છે.
- આ મોજાં લાંબી તરંગ લંબાઈ, નિમ્નાવૃત્તિવાળા અને પૃથ્વીના પોપડાની સપાટીના ભાગમાં ફેલાય છે.
- ભૂકંપથી જે વિનાશ સર્જાય છે તે આ મોજાંને આભારી છે.
- આ મોજા જ્યારે સમુદ્રમાં પ્રવેશે છે ત્યારે ત્યાં ઊંચા મોજાં ઉત્પન્ન કરે છે.

**નોંધ :** સપાટીના મોજા પૃથ્વીની આંતરિક રચનાનું રહસ્ય જાણવા માટે ઉપયોગી બનતા નથી.

## ભૂકંપના કારણો

પૃથ્વીની સંતુલિત અવસ્થામાં ખલેલ પડવાના કારણે ભૂકંપ થાય છે. ઉપરાંત પૃથ્વીના ભૂકવચ નીચે કાર્યરત અદશ્યમાન ઘટનાઓના કારણે ભૂકંપ ઉદ્‌ભવે છે.

- ભૂકંપના મુખ્ય કારણો નીચે મુજબ છે :

(1) સ્તરભંગ પ્રક્રિયા

(2) જ્વાળામુખી પ્રસ્ફોટન

(3) ભૂ–સંતુલન પરિસ્થિતિ (Isostasy)


(4) પાણીની વરાળ

(5) માનવીય પ્રવૃત્તિઓ (ખાણ, રસાયણો, પરમાણુ ઉપકરણોનું વિસ્ફોટન વગેરે)

(6) ટેક્ટોનિક પ્લેટોનું હિલચાલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભૂકંપના પ્રકાર



## ભૂકંપ માપવાના માપક્રમ

ભૂકંપ માપવાના બે માપક્રમ છે :

(1) રિક્ટર (Ritcher), (2) મર્કાલી અથવા મરકેલી (Mercalli)

| રિક્ટર સ્કેલ | મર્કાલી/મરકેલી સ્કેલ |
| --- | --- |
| • મેગ્નિટ્યૂડ સ્કેલ તરીકે પણ ઓળખાય છે. | • ઈન્ટેન્સિટી સ્કેલ તરીકે પણ ઓળખાય છે. |
| • તે ભૂકંપ દરમિયાન ઉત્પન્ન થતી ઊર્જાના માપન સાથે સંબંધિત છે. | • ઘટનાના કારણે દેખાતા નુકસાનનું માપન તથા ભૂકંપની તીવ્રતા માપે છે. |
| • તે 0 થી 10 સુધીની પૂર્ણ સંખ્યામાં દર્શાવવામાં આવે છે, જોકે 2થી ઓછી અને 10થી વધુ રિક્ટર તીવ્રતાના ધરતીકંપનું માપન શક્ય નથી. | • સ્કેલની શ્રેણી 1 થી 12 છે. |

નોંધ :(1) રિક્ટર સ્કેલ માપનનું નામ તેના શોધક 'ચાર્લ્સ ફ્રન્સિસ રિક્ટર'ના નામ પરથી રાખવામાં આવ્યું છે. 1935માં આ પદ્ધતિ વિકસાવી હતી.

(2) જ્યારે મર્કાલી અથવા મરકેલી સ્કેલ માપનનું નામ જિયુસેપ મર્કલ્લીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)

પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) હેઠળ રોજગાર સર્જનનું મૂલ્યાંકન કરવા માટે શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય સ્તરના નમૂના સર્વેક્ષણ અનુસાર આ યોજનાએ લગભગ 3 વર્ષના સમયગાળા દરમિયાન 1.12 કરોડ ચોખ્ખો વધારાનો રોજગાર ઉભો કરવામાં મદદ કરી છે.

- છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં રાજસ્થાન રાજ્યમાં આપવામાં આવેલી 81 લાખ લોનમાંથી 52 લાખથી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવી હતી, જે કુલ લોનના 64% છે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)

પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) વર્ષ 2015માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી.

- PMMY નાના વેપારી સાહસો માટે રૂ.10 લાખ સુધીની કોલેટરલ–મુક્ત સંસ્થાકીય (અથવા સાંપર્શ્વિક–મુક્ત સંસ્થાગત) લોન આપે છે.

- આ લોન આપનાર સભ્ય સંસ્થાઓ એટલે કે અનુસૂચિત વાણિજ્યિક બેન્કો (SCB), ક્ષેત્રીય ગ્રામીણ બેંકો (RRB), ગેર–બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFC) અને સૂક્ષ્મ નાણાકીય સંસ્થાઓ દ્વારા પ્રદાન કરવામાં આવે છે.
- આ લોનનો ઉપયોગ ઉત્પાદન, વેપાર, સેવા ક્ષેત્ર અને કૃષિ ક્ષેત્રે આવક પેદા કરતી પ્રવૃત્તિઓ માટે થઈ શકે છે.
- PMMY હેઠળ ત્રણ લોન ઉત્પાદક છે :




(1) શિશુ (રૂ.50,000 સુધીની લોન)

(2) કિશોર (રૂ.50,000 અને રૂ.5 લાખ વચ્ચેની લોન)

(3) તરૂણ (રૂ.5 લાખથી રૂ.10 લાખ વચ્ચેની લોન)

નોંધ : (1) પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો સમયાંતરે વિસ્તરણ કરવામાં આવ્યો છે.

(2) આ કાર્યક્રમને વર્ષ 2016-17માં વિસ્તૃત કરીને કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ જેવી કે મત્સ્યોદ્યોગ, ડેરી ઉત્પાદન અને ખાદ્ય પ્રક્રિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(3) વર્ષ 2017-18માં PMMY હેઠળ ટ્રેક્ટર અને પાવર ટીલર માટે રૂ.10 લાખની મહત્તમ મર્યાદા ધરાવતી લોન ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

(4) 2018-19થી PMMYમાં વ્યાવસાયિક ઉપયોગ માટે ટુ વ્હીલર માટેની લોનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વભારતીને વિશ્વની પ્રથમ લિવિંગ હેરિટેજ યુનિવર્સિટીનો દરજ્જો મળશે

વર્ષ 1921માં શ્રી રવીન્દ્રનાથ ટાગોર દ્વારા સ્થપાયેલી વિશ્વ–ભારતી યુનિવર્સિટીને વિશ્વની પ્રથમ 'લિવિંગ હેરિટેજ યુનિવર્સિટી'નો દરજ્જો ટૂંક સમયમાં મળશે.



- આ યુનિવર્સિટીને એપ્રિલ અથવા મે 2023માં યુનેસ્કો તરફથી હેરિટેજ ટેગ મળવાની અપેક્ષા છે.
- સામાન્ય રીતે હેરિટેજનું ટેગ અમૃત સ્મારકને આપવામાં આવે છે.
- વિશ્વમાં સૌપ્રથમ વખત એક મૃત યુનિવર્સિટીને યુનેસ્કો તરફથી હેરિટેજ ટેગ મળવા જઈ રહ્યો છે.

### વિશ્વભારતી યુનિવર્સિટી

તે ભારતના પશ્ચિમ બંગાળના શાંતિનિકેતનમાં આવેલ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે.

- વર્ષ **1921**માં શ્રી રવીન્દ્રનાથ ટાગોર દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
- મે 1922માં વિશ્વ–ભારતી સોસાયટી એક સંસ્થા તરીકે નોંધાઈ ન હતી ત્યાં સુધી તેનું નામ શ્રી રવીન્દ્રનાથ ટાગોર પરથી રાખવામાં આવ્યું હતું.
- આઝાદી પહેલા તે એક કોલેજ હતી અને સંસ્થાને કેન્દ્રીય અધિનિયમ દ્વારા વર્ષ 1951માં કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- વિશ્વભારતી યુનિવર્સિટીની સંસ્થાઓની આંતરિક રચનાઓ આર્કિટેક્ચરની દષ્ટિએ વૈવિધ્યસભર છે.

**નોંધ :** યુનેસ્કોની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર વિશ્વભારતીનું ઉદ્‌ઘાટન વર્ષ 1922માં કલા, ભાષાઓ, માનવતા, સંગીતમાં સંશોધન સાથે સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કરવામાં આવ્યું હતું.

## યુવા સંગમ રજીસ્ટ્રેશન પોર્ટલ (Yuva Sangam Registration Portal)




તાજેતરમાં ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA), નવી દિલ્હી ખાતે 'યુવા સંગમ' રજીસ્ટ્રેશન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- યુવા સંગમ એ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનામાં ઉત્તર–પૂર્વ વિસ્તાર અને બાકીના ભારતના યુવાનો વચ્ચે ગાઢ સંબંધો સ્થાપિત કરવાની પહેલ છે.
- આ પહેલ હેઠળ 20,000થી વધુ યુવાનો ભારતભરમાં પ્રવાસ કરશે અને એકબીજાની સંસ્કૃતિને સમજવાની અનન્ય તક મેળવશે.
- આ કાર્યક્રમ પૂર્વોત્તર ક્ષેત્રના યુવાનોને ભારતની વિવિધતાને સમજવાની તક પૂરી પાડશે.
- ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ માટે યુવાનોને શિક્ષિત અને કૌશલ્ય બનાવવું મહત્વપૂર્ણ છે.
- આ વિસ્તારમાં ચીનની ઘૂસણખોરી વધી રહી છે. ભારત સરકારે વિસ્તારના સ્થાનિક લોકોનો વિશ્વાસ મેળવવો પડશે. આથી સર્વસમાવેશક વિકાસની જરૂર છે.

## ગુરુ સૌથી વધુ ચંદ્રો ધરાવતો ગ્રહ બન્યો

તાજેતરમાં સ્મિથસોનિયન એસ્ટ્રોલોજિકલ ઓબ્ઝર્વેટરી દ્વારા ગુરુની આસપાસના નવા 12 ચંદ્રોની શોધ કરવામાં આવી હતી.

- શોધાયેલા 12 ચંદ્રોમાંથી 9 ખૂબ જ દૂરના છે.

- આ નવ ચંદ્ર ગુરુની આસપાસ ફરતા <u>550 દિવસ</u> લે છે. ઉપરાંત શોધાયેલા નવ ચંદ્ર પ્રમાણમાં નાના છે.
- આ નવ ચંદ્રમાં વક્ર ભ્રમણકક્ષા છે. આનો અર્થ એ છે કે તેમના પરિભ્રમણની દિશા ગુરુની વિરુદ્ધ છે.
- અગાઉના વૈજ્ઞાનિકો માનતા હતા કે શનિ પર સૌથી વધુ ચંદ્ર છે. અત્યાર સુધીમાં શનિની આસપાસ 82 ચંદ્રો શોધાયા છે.
- બીજી બાજુ એવું માનવામાં આવતું હતું કે ગુરુને 80 ચંદ્ર છે.
- જોકે તાજેતરની શોધમાં જાણવા મળ્યું છે કે ગુરુ પર વધુ 12 ચંદ્ર છે.
- આ સાથે ગુરુના ચંદ્રની સંખ્યા વધીને <u>92</u> થઈ ગઈ છે.
- હવે ગુરુ ગ્રહ પાસે <u>સૌથી વધુ સંખ્યામાં</u> ચંદ્ર છે.



**1.** તાજેતરમાં એટલે કે ફેબ્રુઆરી 2023માં નીચેના પૈકી કયા દેશમાં 7.8 તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. જેના કારણે હજારો લોકોના મૃત્યુ થયા હતા ?

(A) તાઈવાન (B) તુર્કી (C) નેપાળ (D) નોર્વે **(B)**

**2.** નીચેના પૈકી કયા મોજાંનો ભૂકંપ મોજાંના પ્રકારમાં સમાવેશ થતો નથી ?

(A) H-મોજાં (B) L-મોજાં (C) S-મોજાં (D) P-મોજાં **(A)**

**3.** 'ભૂકંપ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભૂકંપના–મોજા જે સ્થળેથી ઉદ્‌ભવે તે સ્થળને ભૂકંપ કેન્દ્ર કહે છે.
2. ભૂકંપના પ્રાથમિક મોજા અથવા 'પી' મોજા (P-Waves) સૌથી વધુ વેગ ધરાવતા મોજા છે.
3. ભૂકંપના દ્વિતીયક મોજા માત્ર ઘન માધ્યમમાંથી જ પસાર થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રધાનમંત્રી મુદ્રા યોજના' (PMMY) ભારત સરકાર દ્વારા કયા વર્ષે લોન્ચ કરવામાં આવી હતી ?

(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(D)**

**5.** તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર કઈ યુનિવર્સિટીને વિશ્વની પ્રથમ 'લિવિંગ હેરિટેજ યુનિવર્સિટી'નો દરજ્જો મળશે ?

(A) વિશ્વ ભારતી યુનિવર્સિટી (B) વલભી યુનિવર્સિટી

(C) તિયાનજીન યુનિવર્સિટી (D) સિયુઆન યુનિવર્સિટી **(A)**

**6.** તાજેતરમાં 'યુવા સંગમ' રજીસ્ટ્રેશન પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) યુવા સંગમ એ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનામાં ઉત્તર–પૂર્વ વિસ્તાર અને બાકીના ભારતના યુવાનો વચ્ચે ગાઢ સંબંધો સ્થાપિત કરવાની પહેલ છે.

(B) પ્રવાસન મંત્રાલય અને ગૃહ મંત્રાલયના સહયોગથી આ પોર્ટલ વિકસાવ્યું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(A)**

**7.** તાજેતરમાં ગુરુ ગ્રહના કેટલા નવા ગ્રહની શોધ કરવામાં આવી છે ?

(A) 6 (B) 8 (C) 12 (D) 14 **(C)**

**8.** તાજેતરમાં ગુરુ ગ્રહના નવા 12 ઉપગ્રહની શોધ કરવામાં આવી છે. આ સાથે ગુરુ ગ્રહના કુલ ગ્રહની સંખ્યા કેટલી થઈ છે ?

(A) 92 (B) 82 (C) 80 (D) 78 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓપરેશન દોસ્ત (Operation Dost)



તાજેતરમાં તુર્કીમાં 7.8ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો જેના કારણે લોકોને ઘણું નુકસાન થયું છે તથા અસંખ્ય ઈમારતો અને મકાનો ધરાશયી થયા હતા.

- તુર્કીના લોકોની મદદ કરવા માટે ભારતે 'ઓપરેશન દોસ્ત' શરૂ કર્યુ છે.
- આ માટે ભારતીય વાયુસેનાના C17 ગ્લોબમાસ્ટર એરક્રાફટને કાર્યરત કરવામાં આવ્યું હતું.
- 'ઓપરેશન દોસ્ત' હેઠળ ભારતે NDRFના જવાનો, આવશ્યક ચીજવસ્તુઓ, દવાઓ, બચાવ ટીમ, ડોગ સ્ક્વોડ વગેરે મોકલ્યું હતું.
- ભારતીય સેના દ્વારા તુર્કીના હેતાય પ્રાંતમાં ઓપરેશન દોસ્ત અંતર્ગત એક ફિલ્ડ હોસ્પિટલ બનાવવામાં આવી હતી.
- આ ઉપરાંત ભારતે સીરિયામાં પણ મેડિકલ સપ્લાય સાથે ટ્રાન્સપોર્ટ એરક્રાફટ પણ મોકલ્યું છે.

નોંધ : (1) તુર્કી અથવા તુર્કીયેનું પાટનગર અંકારા છે તથા તેનું સૌથી મોટું શહેર ઈસ્તાંબુલ છે. તુર્કીના વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી રેસેપ તૈયપ એર્દોગન છે.

(2) સીરિયાનું પાટનગર દમાસ્કસ છે.


INSTITUTE FOR COMPETITIVE E...

## NISAR સેટેલાઈટ 2024માં લોન્ચ કરવામાં આવશે

તાજેતરમાં અમેરિકાના કેલિફોર્નિયામાં સ્થિત NASAની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (JPL)એ NISARના લોન્ચિંગ સંબંધિત એક ઈવેન્ટનું આયોજન કર્યુ હતું.

- તથા NASAએ જાહેરાત કરી હતી કે આ સેટેલાઈટ ટૂંક સમયમાં ભારત મોકલવામાં આવશે.
- NISAR એ NASA અને ISROનું સંયુક્ત સાહસ છે.
- NISAR એ પૃથ્વી–નિરીક્ષણ ઉપગ્રહ છે જે 2024માં લોન્ચ કરવાની યોજના છે.

# NISAR મિશન



NISARનું પૂરું નામ '<u>NASA-ISRO સિન્થેટિક એપરેચર રડાર</u>' છે.

- NISARને <u>NASA અને ISRO</u> દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
- <u>સપ્ટેમ્બર 2014માં</u> NASA અને ISRO વચ્ચે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે મુજબ NASA ઉપગ્રહ માટે એક રડાર, વિજ્ઞાન ડેટા માટે ઉચ્ચ દરની સંચાર સબસિસ્ટમ, GPS રીસીવરો અને પેલોડ ડેટા સબસિસ્ટમ પ્રદાન કરશે.
- જ્યારે બીજી બાજુ ISRO અવકાશયાન બસ, બીજા પ્રકારનું રડાર (S-બેન્ડ રડાર), પ્રક્ષેપણ વાહન અને સંબંધિત પ્રક્ષેપણ સેવા પ્રદાન કરશે.
- જાન્યુઆરી 2024માં <u>સતીશ ધવન સ્પેસ સેન્ટર</u>માંથી તેને નજીકની ધ્રુવીય ભ્રમણકક્ષામાં લોન્ચ કરવામાં આવે તેવી અપેક્ષા છે.
- આ સેટેલાઈટ ઓછામાં ઓછા <u>ત્રણ વર્ષ</u> સુધી કામ કરશે.
- તે <u>લો અર્થ ઓર્બિટ (LEO)</u> વેધશાળા છે. તથા તે 12 દિવસમાં સમગ્ર વિશ્વનો નકશો તૈયાર કરશે.

## વિશેષતા

તે 2800 કિગ્રાનો ઉપગ્રહ છે જેમાં <u>L-બેન્ડ</u> અને <u>S-બેન્ડ</u> <u>સિન્થેટિક એપરેચર રડાર (SAR)</u> સાધનોનો સમાવેશ થાય છે.

- આથી તેને <u>ડ્યુઅલ–ફ્રિકવન્સી ઈમેજિંગ રડાર સેટેલાઈટ</u> કહેવામાં આવે છે.
- NASAએ ડેટા સ્ટોર કરવા માટે L-બેન્ડ રડાર, GPS, એક ઉચ્ચ–ક્ષમતા ધરાવતું સોલિડ–સ્ટેટ રેકોર્ડર અને પેલોડ ડેટા સબ–સિસ્ટમ પ્રદાન કરી છે. (L-Band SAR NASAના JPL દ્વારા ડિઝાઈન અને બિલ્ટ)
- જ્યારે ISROએ S-બેન્ડ રડાર, જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV) લોન્ચ સિસ્ટમ અને અવકાશયાન પ્રદાન કર્યુ છે. (S-BAND SARને ISRO દ્વારા ડિઝાઈન અને ઉત્પાદિત)
- S-બેન્ડ રડાર 8-15 સે.મી.ની તરંગલંબાઈ અને 2-4 ગીગાહટ્ર્ઝની આવર્તન પર કાર્ય કરે છે. આ તરંગલંબાઈ અને આવર્તનને લીધે તેઓ સરળતાથી ક્ષીણ થતા નથી. આ તેમને નજીકના અને દૂરના હવામાન અવલોકનો માટે ઉપયોગી બનાવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમાં ગોલ્ડ પ્લેટેડ વાયર મેશથી બનેલું 39-ફૂટ સ્થિર એન્ટેના રિફ્લેક્ટર છે. આ રિફ્લેક્ટરનો ઉપયોગ 'ઈન્સ્ટ્રુમેન્ટ સ્ટ્રક્ચર પર ફીડ દ્વારા ઉત્સર્જિત અને પ્રાપ્ત થયેલ રડાર સિગ્નલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- **NISAR SAR**નો ઉપયોગ કરીને ઉચ્ચ–રિઝોલ્યુશન છબીઓ બનાવશે. વાદળોની **SAR** પર કોઈ ખાસ અસર થતી નથી. તે હવામાનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના દિવસ–રાત ડેટા એકત્રિત કરી શકે છે.
- **NISAR** નીચે મુજબનો અભ્યાસ કરશે :

  (a) એન્ટાર્કટિક ક્રાયોસ્ફિયર : ક્રાયોસ્ફિયર એ પૃથ્વીનો તે ભાગ છે જ્યાં પાણી નક્કર સ્થિતિમાં હોય છે.

  (b) મહિનામાં ચારથી છ વખત બરફના સમૂહનું નિરીક્ષણ કરવામાં આવશે.

  (c) ઈકોસિસ્ટમ ડિસ્ટર્બન્સ માપવામાં આવશે.

  (d) જ્વાળામુખી, સુનામી, ભૂસ્ખલન, ભૂકંપ વગેરે જેવા કુદરતી જોખમો.

## ભારતનો પ્રથમ હાઈડ્રોજન ઈન્ટરનલ કમ્બશન એન્જિન (H2-ICE) ટ્રક




તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ બેંગ્લોરમાં યોજાયેલા 'ઈન્ડિયા એનર્જી વીક'માં ભારતના પ્રથમ હાઈડ્રોજન ટ્રકનું પ્રદર્શન કર્યુ હતું.

- આ **H2-ICE** (હાઈડ્રોજન ઈન્ટરનલ કમ્બશન એન્જિન) ટ્રક રિલાયન્સ દ્વારા અશોક લેલેન્ડ સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવ્યો હતો.
- **H2-ICE** ટ્રક ભારતમાં તેના પ્રકારનો પ્રથમ છે જે હાઈડ્રોજન દ્વારા સંચાલિત છે.
- આ ટ્રકની ઉત્પાદન કિંમત વધુ હતી. જોકે આ ટ્રક ઝીરો કાર્બન ઉત્સર્જન કરે છે અને તે સંપૂર્ણપણે સ્વચ્છ છે.
- **H2-ICE**માં કમ્બશન સિદ્ધાંત નીચે મુજબ છે :

$$2H_2 + O_2 \rightarrow 2H_2O$$

- બે હાઈડ્રોજન અણુઓ એક ઓક્સિજન અણુ સાથે મળીને પાણી બનાવે છે. આ પ્રતિક્રિયા દરમિયાન બહાર પડતી ગરમી ઊર્જાનો ઉપયોગ સ્પાર્ક પ્લગને સળગાવવા માટે થાય છે.

**નોંધ :** પ્રથમ H2-ICE વર્ષ 1806માં ફ્રાન્કોઈસ આઈઝેક ડી રિવાઝ દ્વારા બનાવવામાં આવ્યું હતું. તે હાઈડ્રોજન અને ઓક્સિજનના મિશ્રણ પર ચાલતું હતું.

# RBI રેપો રેટ વધારી 6.50 ટકા કર્યો

તાજેતરમાં RBIએ તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી.

- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ રજૂ કર્યા બાદ આ પ્રથમ બેઠક છે.
- RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની આ બેઠક બાદ રેપો રેટમાં ફરીવાર વધારો કરવાનું જણાવ્યું હતું.
- RBIએ રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આથી હવે રેપો રેટ 6.50 ટકા થઈ ગયો છે.
- RBIએ સતત છઠ્ઠી વાર રેપો રેટમાં વધારો કર્યો છે.
- નાણાકીય નીતિ સમિતિએ વર્તમાન નાણાકીય વર્ષ (2022-23)માં 6.4% વાસ્તવિક GDP વૃદ્ધિ (નાણાકીય વર્ષ 2023-24 માટે)નો અંદાજ મુક્યો છે.
- નોંધનીય છે કે રેપો રેટમાં વધારો થતા હોમ, ઓટો અને પર્સનલ લોન મોંઘી થશે.

**RBI બેંકના વર્તમાન દરો**

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 6.50% |
| 2 | SDF | 6.25% |
| 3 | MSF | 6.75% |
| 4 | બેંક રેટ | 6.75% |
| 5 | CRR | 4.50% |
| 6 | SLR | 18.00% |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

SSC / MTS RECORDED BATCH ₹2000/- ₹999/- ONLY iceonline એપ ડાઉનલોડ કરો

**1.** તાજેતરમાં તુર્કિમાં પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. જેના કારણે અસંખ્ય ઈમારતો અને મકાનો ધરાશયી થયા હતા. આ અંતર્ગત તુર્કીના લોકોને મદદ કરવા માટે ભારતે કયું ઓપરેશન હાથ ધર્યું હતું ?

(A) ઓપરેશન હેલ્પ (B) ઓપરેશન દોસ્ત (C) ઓપરેશન તુર્કીયે (D) ઓપરેશન અંકારા **(B)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ NISAR સેટેલાઈટ કઈ બે સ્પેસ એજન્સીનું સંયુક્ત સાહસ છે ?

(A) NASA-ISRO (B) ISRO-ESA (C) NASA-JAXA (D) ISRO- JAXA **(A)**

**3.** NISAR સેટેલાઈટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. NISAR (NASA-ISRO સિન્થેટિક એપરેચર રડાર) NASA અને ISRO દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
2. આ સેટેલાઈટમાં L-બેન્ડ અને S-બેન્ડ સિન્થેટિક એપરેચર રડાર (SAR) સાધનોનો સમાવેશ થાય છે.
3. NISAR પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ છે.
4. આ સેટેલાઈટનો ઉપયોગ આફ્રિકા અને મધ્ય–એશિયાના નાના દેશોને તેમની કોમ્યુનિકેશન સિસ્ટમ વધારવામાં મદદ કરવાનો પણ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**4.** તાજેતરમાં _____ એ અશોક લેલેન્ડ સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવેલ ભારતનો પ્રથમ હાઈડ્રોજન ઈન્ટરનલ કમ્બશન એન્જિન (H2-ICE) ટ્રક રજૂ કર્યો હતો.


(A) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (B) અદાણી ઈન્ડસ્ટ્રીઝ

(C) L & T ઈન્ડસ્ટ્રીઝ (D) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા **(A)**

**5.** તાજેતરમાં RBIએ (ફેબ્રુઆરી 2023) તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી. જેમાં RBIએ રેપો રેટમાં 0.25%નો વધારો કર્યો છે. આ સાથે રેપો રેટ વધીને _____ થઈ ગયો છે.

(A) 4.50% (B) 5.50% (C) 6.50% (D) 8.00% **(C)**

## દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day)




સમગ્ર વિશ્વમાં દાળોના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સના 'Food and Agriculture Organisation (FAO)'દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 10 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 20 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.

## ક્વાડ દેશોએ ક્વાડ સાયબર ચેલેન્જ શરૂ કરી



ક્વાડ દેશો ભારત, ઓસ્ટ્રેલિયા, યુએસ અને જાપાને તાજેતરમાં ક્વાડ સાયબર ચેલેન્જ શરૂ કરી છે.

- તેનો મુખ્ય ઉદ્દેશ્ય ચાર દેશોમાં સાયબર સુરક્ષામાં સુધારો કરવાનો છે.
- તે એક મૂળભૂત સ્પર્ધા છે. ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં કોઈપણ ઈન્ટરનેટ યુઝર આ ચેલેન્જમાં ભાગ લઈ શકે છે.
- સમગ્ર ઈન્ડો–પેસિફિક અને અન્ય પ્રદેશોના ઈન્ટરનેટ વપરાશકર્તાઓને આ પડકારમાં જોડાવા અને સાયબરનો સુરક્ષિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.
- ક્વાડ ભાગ લેનારા વ્યાવસાયિકો માટે સંસાધનો પ્રદાન કરશે. ઉપરાંત ક્વાડ સાયબર ચેલેન્જમાં ભાગ લેતા પહેલા શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્પોરેશનોમાંથી પસંદ કરેલા વ્યાવસાયિકોને તાલીમ આપશે.
- સાયબર ચેલેન્જનો મુખ્ય ઉદ્દેશ્ય એક સ્થિતિસ્થાપક સાયબર સ્પેસ બનાવવાનો છે.
- સાયબરસ્પેસ એ ઈન્ટરનેટ પ્લેટફોર્મ છે જ્યાં લોકો માહિતી શેર કરે છે અને વાતચીત તથા અન્ય સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓમાં જોડાય છે.
- રેન્સમવેર એટેક, માલવેર, સોફ્ટવેર નબળાઈઓ, એ.આઈ એટેક વગેરે આજે સાયબર સ્પેસના મુખ્ય પડકારો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્વાડ (QUAD)

**QUADને 'QSD' તરીકે ઓળખવામાં આવે છે.**

- **QSDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે. જેને QUAD (ક્વાડ) તરીકે ઓળખવામાં આવે છે.**
- **જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો આબે દ્વારા ભારતના વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંઘ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવાર્ડના સહયોગથી 2007માં આ ડાયલોગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.**
- **જેનો વર્ષ 2008માં અંત આવ્યો હતો.**
- **જોકે, વર્ષ 2017માં આ ગ્રુપને ફરીથી સંગઠિત કરવામાં આવ્યું હતું.**
- **ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.**

## ડિજિટલ પેમેન્ટ ઉત્સવ (Digital Payments Utsav)

**તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે 'ડિજિટલ પેમેન્ટ ઉત્સવ'ની શરૂઆત કરી છે.**




- **જે સમગ્ર ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહિત કરવા માટે એક વ્યાપક અભિયાન સાથે અનેક મુખ્ય પહેલ કરે છે.**
- **આ અભિયાન 9 ફેબ્રુઆરી થી 9 ઓક્ટોબર 2023 દરમિયાન યોજનારી શ્રેણીબદ્ધ કાર્યક્રમો અને પહેલ સાથે ભારતની ડિજિટલ ટ્રાન્સફોર્મેશન યાત્રાને પ્રદર્શિત કરશે.**

### ઈવેન્ટના મુખ્ય મુદ્દાઓ

**આ અભિયાનનો હેતુ G20 ડિજિટલ ઈકોનોમી ગ્રૂપ (DEWG) ઈવેન્ટના ભાગરૂપે ખાસ કરીને લખનૌ, પુણે, હૈદરાબાદ અને બેંગ્લોર શહેરોમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાનો છે.**

- **ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે વિવિધ કેટેગરીમાં ટોચની કામગીરી કરનાર બેંકો, બેંકરો અને ફિનટેક કંપનીઓને 28 ડીજીધન એવોર્ડ આપવામાં આવ્યા હતા.**
- **આ એવોર્ડ ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપવા માટે તે સંસ્થાઓના પ્રયાસોને માન્યતા આપે છે.**

- આ ઉજવણી દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય **QR** કોડ અને કોફી ટેબલ બુક લોન્ચ કરશે.
- આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય 'ડિજિટલ પેમેન્ટ મેસેજ ટૂર' પણ શરૂ કરશે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય દેશમાં ડિજિટલ પેમેન્ટ અંગે જાગૃતિ લાવવાનો છે.

**મહત્વ**

આ અભિયાન દ્વારા ડિજિટલ અર્થતંત્રની વૃદ્ધિ ચાલુ રાખવા અને નાણાકીય સમાવેશમાં પ્રોત્સાહન આપવા સરકાર, ઉદ્યોગ અને નાગરિકો સહિત વિવિધ હિતધારકોને એક સાથે લાવવાની અપેક્ષા છે.

- આ પહેલો ભારતમાં અને દેશની બહાર યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)ની પહોંચને વધુ વિસ્તૃત કરશે.
- તેનો હેતુ ભારતના બિન જોડાણવાળા પ્રદેશોને જોડવાનો અને UPIને વૈશ્વિક ચુકવણી પદ્ધતિ બનાવવાનો છે.
- નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) પહેલાથી જ કેટલાક દેશો સાથે ભાગીદારી કરીને આ દિશામાં કામ કરી રહ્યું છે.

## સશસ્ત્ર પ્રિડેક્ટર ડ્રોન (Armed Predator Drones)

ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ કરાર થઈ શકે છે.

- જેના અંતર્ગત ભારતને અમેરિકા પાસેથી 18 સશસ્ત્ર પ્રિડેક્ટર ડ્રોન MQ 9A મળશે.
- આ અમેરિકન ડ્રોન અત્યાર સુધીનું વિશ્વનું સૌથી શક્તિશાળી ડ્રોન છે. જેના આવવાથી હિંદ–મહાસાગરમાં ભારતની તાકાત વધશે અને ચીનની ગતિવિધિઓ પર અંકુશ રાખવા મોટી મદદ મળી શકે છે.
- આ પ્રિડેક્ટર સશસ્ત્ર ડ્રોન **24 કલાક** સુધી **50000 ફૂટ સુધી** ઊડી શકે છે.
- તે હેલફાયર એર–ટુ–ગ્રાઉન્ડ અને એર–ટુ–એર મિસાઈલોથી સજ્જ છે, જે દુશ્મનોને પડકારવા સક્ષમ છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

- અથવા દુશ્મનના હવાઈ લક્ષ્યોને દૂર કરવા માટે હવામાંથી હવામાં મિસાઈલોનો ઉપયોગ કરી શકાય છે.
- ભારતીય નૌકાદળ પહેલાથી જ દરિયાઈ સુરક્ષા માટે યુએસ લીઝ પર એટોમિક્સ દ્વારા ઉત્પાદિત MQ 9B ડ્રોન ખરીદી ચૂકી છે.
- આ 18 સશસ્ત્ર ડ્રોન હસ્તગત કર્યા પછી તેમને એપ્રિલમાં કારવાર નેવલ બેઝ ખાતે સંયુક્ત કમાન્ડર કોન્ફરન્સમાં રાખવામાં આવશે, જેમાં ત્રણેય દળોને 6-6 ડ્રોન આપવામાં આવશે.

## લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટે INS વિક્રાંત પર સફળ લેન્ડિંગ કર્યું



ભારતના સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)ના નૌકાદળના સંસ્કરણે INS વિક્રાંત પર તેનું સફળતાપૂર્વક પ્રથમ લેન્ડિંગ કર્યું હતું.

- જે નૌકાદળની આત્મનિર્ભરતા યોજનાઓ તરફ એક સીમાચિહ્નરૂપ છે.
- આ ઉપરાંત ટવીન–એન્જિન મિગ-29K ફાઈટર જેટ (રશિયન મૂળનું)એ લેન્ડિંગ કર્યું હતું અને સફળતાપૂર્વક ઉડાન પણ ભરી હતી.
- INS વિક્રાંત હાલમાં કાર્યરત થવાની પ્રક્રિયામાં છે.
- DRDO INS વિક્રાંત માટે ટવીન એન્જિન ડેક–આધારિત ફાઈટર (TEDBF) વિકસવાની પ્રક્રિયામાં છે.
- જેની તર્જ પર DRDOએ જાન્યુઆરી 2020માં INS વિક્રમાદિત્ય પર નેવલ LCAનું સફળ લેન્ડિંગ દર્શાવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE

### INS વિક્રાંત



INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–1' (IAC-1) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ જહાજનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું છે.
- INS વિક્રાંત 262 મીટર લાંબુ અને 62 મીટર પહોળુ છે.
- તથા તેની ઊંચાઈ 59 મીટર છે.

- INS વિક્રાંતનું વજન લગભગ 40,000 ટન જેટલું છે.
- INS વિક્રાંતની ડિઝાઈન પર કામ વર્ષ 1999માં શરૂ થયું હતું અને તેનો પાયો ફેબ્રુઆરી 2009માં નખાયો હતો.
- તેમાં 2,300થી વધુ કમ્પાર્ટમેન્ટ્સ છે, જે લગભગ 1,700 લોકોના ક્રૂ માટે રચાયેલ છે.
- આ ઉપરાંત મહિલા અધિકારીઓ માટે વિશિષ્ટ કેબિનનો સમાવેશ થાય છે.
- INS વિક્રાંતની મહત્તમ ઝડપ 28 નોટ્સ છે એટલે કે લગભગ 51 કિલોમીટર/કલાક.
- તેની સામાન્ય ઝડપ 18 નોટ્સ છે એટલે કે 33 કિલોમીટર પ્રતિકલાક છે. તથા 18 નોટ્સની ઝડપે 7500 નોટ્સની સહનશક્તિ ધરાવે છે.
- આ એરક્રાફ્ટ કેરિયરની વિમાનો લઈ જવાની ક્ષમતા અને તેમાં લાગેલા હથિયારો તેને દુનિયાના ખતરનાક યુદ્ધજહાજોમાં સામેલ કરે છે.
- ભારતીય નેવીના જણાવ્યા અનુસાર આ યુદ્ધ જહાજ એકવારમાં 30 એરક્રાફ્ટ લઈ જઈ શકે છે.
- તેમાં Mig-29K ફાઈટર જેટ્સની સાથે કામોવ–31 અર્લી વોર્નિંગ હેલિકોપ્ટર્સ, MH-60R મલ્ટી રોલ હેલિકોપ્ટર અને HAL દ્વારા નિર્મિત્ત એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર પણ સામેલ છે.
- આ ઉપરાંત નેવી માટે ભારતમાં નિર્મિત્ત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ–LCA તેજસ પણ આ કેરિયર પરથી સરળતાથી ઉડાન ભરી શકે છે.
- આ જહાજમાં વિમાનની કામગીરીને નિયંત્રિત કરવા માટે રનવે અને 'શોર્ટ ટ્રેક ઓફ એરેસ્ટ રિકવરી' સિસ્ટમ પણ ઉપલબ્ધ છે.
- તેનું આદર્શ વાક્ય 'જયમા સમ યુધિ સ્પર્ધા' છે. એટલે કે 'મારી સામે લડનારાઓને હું હરાવીશ'.
- તે સૌથી મોટું અને જટિલ યુદ્ધ જહાજ છે. જેને ભારતમાં પ્રથમ વખત ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સાથે, ભારત હવે એવા દેશોના સમુહમાં શામેલ થયો છે કે જે સ્વદેશી રીતે આવા વિમાન વાહક જહાજોની રચના, નિર્માણ અને સંકલન કરવાની ક્ષમતા ધરાવે છે.
- અમેરિકા, બ્રિટન, રશિયા, જાપાન, ઈટાલી અને ફ્રાન્સ જેવા દેશોમાં આવી ક્ષમતાઓ છે.

**નોંધ:** (1) વિમાન વાહક જહાજ એ એક યુદ્ધ જહાજ છે, જેની પ્રાથમિક કામગીરી વિમાનોને તૈનાત કરવાની અને ઉતારવાની છે.

(2) INS વિક્રાંત નામ ભારતના પ્રથમ વિમાન વાહક જહાજ INS વિક્રાંતના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે બ્રિટન પાસેથી ખરીદવામાં આવ્યું હતું. તથા તે વર્ષ 1997માં નિવૃત્ત થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) 100 MSME સહિત 550 જેટલી ભારતીય કંપનીઓએ આ યુદ્ધ જહાજના નિર્માણ માટે સેવાઓ પૂરી પાડી છે. તથા અસંખ્ય લોકોને સીધી રોજગારી મળી છે.

(4) INS વિક્રાંત 'Short Take off but Arrested Recovery Mechanism' (STOBAR) પર કામ કરે છે. તથા તે 4 જનરલ ઈલેક્ટ્રિક ગેસ ટર્બાઈન દ્વારા સંચાલિત છે.

## INS વિક્રાંતનું મહત્વ

INS વિક્રાંત હિંદ મહાસાગર ક્ષેત્રમાં યુદ્ધ અને દરિયાઈ નિયંત્રણ ક્ષમતાઓને મજબૂત બનાવે છે.

- નૌકાદળમાં તેના સમાવેશ સાથે આ એરક્રાફ્ટ કેરિયર ભારતીય નૌકાદળને એક મુખ્ય મેરીટાઈમ મિલિટરી ફોર્સ અથવા 'બ્લુ વોટર ફોર્સ' તરીકે સ્થાપિત કરશે જે દૂરના દરિયામાં તેની શક્તિ દર્શાવવાની ક્ષમતા ધરાવે છે.
- તે ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં 'શુદ્ધ સુરક્ષા પ્રદાતા' (Net Security Provider) તરીકે ભારતના ઉદભાવના દષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. જ્યાં તેનો મુકાબલો ચીન સાથે છે.
- તે વાયુસેનાની શક્તિને લાંબી શ્રેણી સાથે રજૂ કરીને એક અજોડ લશ્કરી સાધન તરીકે પણ કામ કરશે. જેમ કે હવાઈ અવરોધ, સપાટી યુદ્ધ, આક્રમક અને રક્ષણાત્મક કાઉન્ટર એર, એરિયલ એન્ટી સબમરીન યુદ્ધ અને હવાઈ હુમલાની પ્રારંભિક ચેતવણી સહિત.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વના અન્ય મુખ્ય વિમાનવાહક જહાજ

| ક્રમ | દેશ | વિમાન વાહક જહાજ |
|---|---|---|
| 1 | અમેરિકા | USS Gerald R Ford class |
| 2 | ચીન | Fujian (ફુજિયાન) |
| 3 | યુનાઈટેડ કિંગ્ડમ | Queen Elizabeth Class |
| 4 | રશિયા | Admiral Kuznetsov |
| 5 | ફ્રાન્સ | Charles De Gaulle |
| 6 | ઈટાલી | Cavour |

TARGET તલાટી, જુ ક્લાર્ક ₹999 ONLY 3 MONTH VALIDITY

1. 'વિશ્વ દાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ફેબ્રુઆરી (B) 9 ફેબ્રુઆરી (C) 10 ફેબ્રુઆરી (D) 11 ફેબ્રુઆરી **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?

(A) 2007 (B) 2017 (C) 2018 (D) 2019 **(D)**

3. તાજેતરમાં ક્વાડ (QUAD) દેશોએ 'ક્વાડ સાયબર ચેલેન્જ શરૂ કરી હતી. આ ક્વાડના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) QUADને 'QSD' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(B) જેમાં QSDનું પૂરું નામ 'Quadrilateral Security Dialogue' છે.

(C) ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

4. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે 'ડિજિટલ પેમેન્ટ ઉત્સવ' (Digital Payments Utsav)ની શરૂઆત કરી હતી ?

(A) ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય

(B) પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય

(C) માનવ સંસાધન વિકાસ મંત્રાલય

(D) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય **(A)**

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સશસ્ત્ર પ્રિડેક્ટર ડ્રોન MQ 9A' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અમેરિકન ડ્રોન અત્યાર સુધીનું વિશ્વનું શક્તિશાળી ડ્રોન છે.

(B) આ ડ્રોન 24 કલાક સુધી 50,000 ફૂટ સુધી ઉડી શકે છે.

(C) તે હેલફાયર એર–ટુ–ગ્રાઉન્ડ અને એર–ટુ–એર મિસાઈલોથી સજ્જ છે.

(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

6. ભારતના સ્વદેશી લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)ના નૌકાદળના સંસ્કરણે INS વિક્રાંત પર તેનું પ્રથમ ઉતરાણ કર્યુ હતું. આ INS વિક્રાંત વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–1' (IAC-1) તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તેનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું હતું.
3. INS વિક્રાંત 262 મીટર લાંબુ અને 62 મીટર પહોળું છે. તથા તેની ઊંચાઈ 59 મીટર છે.
4. આ જહાજ 63% સ્વદેશી રીતે અને 37% રશિયા અને જાપાનના સહયોગથી નિર્માણ પામ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, (1) વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science)
## (2) વિશ્વ યુનાની દિવસ (World Unani Day)

### International Day of Women and Girls in Science

વિજ્ઞાનના વિકાસમાં મહિલાઓ તથા છોકરીઓના યોગદાનને બિરદાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.




- 22 ડિસેમ્બર, 2015ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2016 થી 11 ફેબ્રુઆરીના રોજ દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ યુનાની દિવસ

વિશ્વ યુનાની દિવસ દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવે છે.




- આ દિવસ યુનાની સંશોધક શ્રી હકીમ અજમલ ખાનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- શ્રી હકીમ અમજલ ખાન એક પ્રતિષ્ઠિત ભારતીય યુનાની ચિકિત્સક હતા.
- તેઓ સ્વતંત્રતા સેનાની, શિક્ષણવિદ્ અને યુનાની દવામાં વૈજ્ઞાનિક સંશોધનના સ્થાપક પણ હતા.
- શ્રી હકીમ અજમલ ખાને વર્ષ 1921માં કોંગ્રેસના અધિવેશનની પણ અધ્યક્ષતા કરી હતી.
- નોંધનીય છે કે યુનાની ચિકિત્સા પધ્ધતિ અરેબિયાના લોકો દ્વારા ભારતમાં પહોંચી હતી અને તેના કુદરતી વાતાવરણ અને અનુકૂળ પરિસ્થિતિઓના કારણે આ પદ્ધતિનો ઘણો વિકાસ થયો હતો.

# CAR T-Cell Therapy

તાજેતરમાં સંશોધકોએ જણાવ્યું હતું કે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત ચીમેરિક એન્ટિજેન રીસેપ્ટર (CAR) - T Cell થેરાપી ચોક્કસ પ્રકારના કેન્સરના દર્દીઓ માટે આશાસ્પદ પરિણામો દર્શાવે છે. અને આ શ્રેણીમાં અત્યાર સુધીની સૌથી સલામત ઉપચાર હોઈ શકે છે.

## CAR T-Cell થેરાપી શું છે ?

CAR - T Cell થેરાપી એ કેન્સરની સારવારમાં એક મોટી સફળતા છે.

- કીમોથેરાપી અથવા ઈમ્યુનોથેરાપી, જેમા દવાઓ લેવાનો સમાવેશ થાય છે તેનાથી વિપરીત CAR–ટી–સેલ થેરાપી દર્દીના પોતાના કોષોનો ઉપયોગ કરે છે.
- તેને ટી–સેલ્સ અથવા કોશિકાને સક્રિય કરવા અને ટ્યૂમર કોશિકાઓને લક્ષ્ય બનાવવા માટે પ્રયોગશાળામાં સંશોધિત કરવામાં આવે છે.
- સરળ ભાષામાં કહીએ તો CAR-T કોશિકાઓ દર્દીના પોતાના રોગપ્રતિકારક કોષો છે જે કેન્સર સામે લડવા માટે પ્રયોગશાળામાં આનુવંશિક રીતે સંશોધિત છે.
- CAR-T સેલ એ સંભવિત ઉપચાર છે જેણે પ્રત્યાવર્તન અને હઠીલા કેન્સરને મટાડવાના નવા યુગની શરૂઆત કરી છે.
- લ્યૂકેમિયા અને લિમ્ફોમા માટે CAR-T - સેલ થેરાપીની મંજૂરી આપવામાં આવી છે.

  (a) લ્યુકેમિયા એ અસ્થિ મજ્જા સહિત રક્ત બનાવતી પેશીઓનું કેન્સર છે.

  (b) લિમ્ફોમા એ લસિકા તંત્રનું કેન્સર છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રક્રિયા

ટી કોશિકાઓ દર્દીના લોહીમાંથી લેવામાં આવે છે અને પછી એક વિશેષ રીસેપ્ટર માટેના જનીનને પ્રયોગશાળામાં ટી–સેલ્સ સાથે જોડવામાં આવે છે.

- જે દર્દીના કેન્સર કોષો પર ચોક્કસ પ્રોટીનને નિશાન બનાવે છે.
- ચોક્કસ રીસેપ્ટરને કાઈમરિક એન્ટિજેન રીસેપ્ટર (CAR) કહેવામાં આવે છે.
- CAR ટી–સેલ્સ લેબોરેટરીમાં મોટી સંખ્યામાં જનરેટ થાય છે અને ઈન્ફ્યૂઝર દ્વારા દર્દીને આપવામાં આવે છે.

## મહત્વ

CAR ટી–સેલ્સ થેરાપી લક્ષીત એજન્ટો કરતા પણ વધુ ચોક્કસ છે અને કેન્સર સામે લડવા માટે દર્દીની રોગપ્રતિકારક શક્તિને સીધી રીતે ઉત્તેજિત કરે છે, જે વધુ ક્લિનિકલ અસરકર્તા તરફ દોરી જાય છે.

- આથી તેમને 'જીવંત દવાઓ' પણ કહેવામાં આવે છે.

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી (C) 11 ફેબ્રુઆરી (D) 12 ફેબ્રુઆરી — **(C)**

2. કયા દિવસે 'વિશ્વ યુનાની દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 12 ફેબ્રુઆરી (D) 13 ફેબ્રુઆરી — **(B)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'CAR T-Cell થેરાપી' કયા રોગ સાથે સંબંધિત છે ?

(A) કેન્સર (B) કોવિડ-19 (C) હાથીપગ (D) TB — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં યોજાયેલી U20 અર્બન સમિટની પ્રથમ શેરપા બેઠકનું ઉદ્‌ઘાટન કર્યું**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે G20 અંતર્ગત અમદાવાદ શહેરમાં બે દિવસ માટે યોજાયેલી U20–અર્બન સમિટની પ્રથમ શેરપા બેઠકનો પ્રારંભ કરાવ્યો હતો. 'વસુધૈવ કુટમ્બકમ'ના ધ્યેય સાથે ભારતના યજમાન પદે યોજાઈ રહેલી G20 સમિટ અંતર્ગત અમદાવાદના આંગણે યોજાઈ રહેલી U20 બેઠક 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર'ના સંદેશ સાથે વિશ્વભરમાં શહેરી વિકાસ અને લાંબાગાળાના વિકાસ માટે શ્રેષ્ઠ સૂચનો અને પ્લાન પૂરા પાડશે, દેશ–વિદેશના વિવિધ શહેરોના પ્રતિનિધિઓના અનુભવજન્ય જ્ઞાનનું આદાન–પ્રદાન ભાવી પેઢી માટે ઉપયોગી થશે, જેનાથી સમગ્ર માનવજાત લાભાન્વિત થશે. નોંધનીય છે કે આ બેઠકમાં દેશ અને વિદેશના 40 શહેરોના શેરપાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારત

➤ **સુશ્રી પી. કે રોઝી**



તાજેતરમાં સર્ચ એન્જિન ગૂગલે મલયાલમ સિનેમાની પ્રથમ મહિલા અભિનેત્રી સુશ્રી પી.કે.રોઝીને તેમની 120મી જન્મજયંતિ પર આદર વ્યક્ત કરતા વિશેષ ડૂડલ સમર્પિત કર્યુ છે. સુશ્રી પી.કે.રોઝી (પ્રીતમકુમાર રોઝી)નો જન્મ 10 ફેબ્રુઆરી, 1903ના રોજ થયો હતો. તેમને બાળપણથી જ અભિનયમાં ખૂબ જ રસ હતો. 1928ની મલયાલમ ફિલ્મ વિગથાકુમારન (ધ લોસ્ટ ચાઈલ્ડ)માં તેની ભૂમિકા સાથે રોઝીએ તમામ અવરોધોને પાર કર્યા હતા, ખાસ કરીને એવા સમયે જ્યારે મહિલાઓની પર્ફોમિંગ આર્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવતું ન હતું. આ સાથે તેઓ મલયાલમ સિનેમાની પ્રથમ અભિનેત્રી તરીકે પણ દેખાયા હતા.

➤ **સ્કાય યુ.ટી.એમ (અનમેનેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ)**



તાજેતરમાં કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ સ્કાય યુ.ટી.એમ. (અનમેનેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ)નું અનાવરણ કર્યુ હતું. જેને વિશ્વની સૌથી અદ્યતન માનવરહિત ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ તરીકે ઓળખવામાં આવે છે. તે ક્લાઉડ–આધારિત એર ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ છે જે માનવરહિત હવાઈ ટ્રાફિકને માનવ ઉડ્ડયન એરસ્પેસ સાથે સંકળાયેલ છે. તે એરસ્પેસમાં તમામ ડ્રોન/અન્ય એરિયલ મોબિલિટી ઓપરેટરોને સિચ્યુએશનલ અવેરનેસ, ઓટોનોમસ નેવિગેશન, રિસ્ક એસેસમેન્ટ અને ટ્રાફિક મેનેજમેન્ટ પ્રદાન કરવા માટે રચાયેલ છે. તે માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) સંચલનના 255થી વધુ પરિમાણોને કેપ્ચર કરે છે અને તેના 'બ્લેકબોક્સ'માં સંગ્રહિત કરે છે, જે સમગ્ર ફ્લાઈટનું પ્રકાશિત વ્યવસ્થિત વર્ણન છે. તે સર્વેક્ષણ અને ડિલિવરી ડ્રોનથી લઈને એરિયલ ટેક્સીઓ સુધીના તમામ પ્રકારના ડ્રોન સાથે જોડાય છે અને કોમ્યુનિકેશન કરે છે. આ સિસ્ટમ પ્રતિકલાક 4,000 ફ્લાઈટ્સ અને દરરોજ 96,000 ફ્લાઈટ્સ હેન્ડલ કરવા સક્ષમ છે. SKY UTM એ આજ સુધી 300થી વધુ BVLOS (બિયોન્ડ વિઝ્યુઅલ લાઈન ઓફ સાઈટ) ડ્રોન ફ્લાઈટ્સ ઓપરેટ કરી છે.

➤ **ઓપરેશન સદ્દભાવના**




ઓપરેશન સદ્દભાવના દ્વારા ભારતીય સેના લદ્દાખના દૂરના વિસ્તારમાં રહેતા બાળકો માટે ઘણી કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવી રહી છે, જેમ કે આર્મી ગુડવિલ સ્કૂલ, ઈન્ફ્રા–ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ, એજ્યુકેશન ટુર વગેરે. ભારતીય સેના હાલમાં લદ્દાખ ક્ષેત્રમાં 'ઓપરેશન સદ્દભાવના' હેઠળ 7 આર્મી ગુડવિલ સ્કૂલ ચલાવી રહી છે. આ શાળાઓમાં હાલમાં 2200થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ પહેલ દ્વારા (નાણાકીય વર્ષ 22-23માં) મેડિકલ કેમ્પ, વેટરનરી કેમ્પ, મેડિકલ સાધનો, મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન અને લદ્દાખના વિવિધ દૂરના સ્થળોએ મેડિકલ સહાય કેન્દ્રોનો સ્ટાફ પણ પૂરો પાડવામાં આવ્યો હતો.

## ➤ ભારત-કેન્યા

ભારતે તાજેતરમાં કેન્યાને 100 નોટિકલ ચાર્ટ સોંપ્યા છે, જે લામુ ટાપુઓ નજીકના દરિયાકાંઠાના વિસ્તારના બે નૌકાદળ વચ્ચેના સહયોગી સર્વેનું પરિણામ છે. આ સર્વે ભારતીય નૌકાદળના નેશનલ હાઈડ્રોગ્રાફિક ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. કેન્યા પૂર્વ આફ્રિકામાં સ્થિત છે. તેનો ભૂપ્રદેશ હિંદ મહાસાગરના નીચાણવાળા દરિયાકાંઠાના મેદાનથી તેના કેન્દ્રમાં આવેલા પર્વતો અને ઉચ્ચ પ્રદેશો સુધી વિસ્તરેલો છે. ભારત અને કેન્યા વચ્ચેનો સંબંધ ઘણો જૂનો છે, જેનો ઉલ્લેખ આપણને તેમની વચ્ચેના મસાલાના વેપારમાં જોવા મળે છે.


## ➤ ડિજિટલ ઈન્ડિયા મોબાઈલ વેન લોન્ચ કરવામાં આવી



ડિજિટલ ઈન્ડિયા મોબાઈલ વેન ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. આ મોબાઈલ વાનનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ ઈન્ડિયા પહેલ વિશે જાગૃતિ ફેલાવવાનો અને G20 ડિજિટલ ઈકોનોમી વર્કિંગ ગ્રુપ વિશે માહિતી ફેલાવવાનો છે. લખનૌ મોબાઈલ વાનનું પ્રથમ સ્ટોપ હતું. જ્યાં G20 DEWGની પ્રથમ બેઠક યોજાઈ હતી. આ વાન આરોગ્ય સેતુ, ઈન્ડિયા સ્ટેક ગ્લોબલ, ઈ–રૂપી, PMJDY, આધાર, ડિજીલોકર, ઈ–વે બિલ, ઉમંગ, ઈ–ઔષધિ, કો–વિન વગેરે જેવી ડિજિટલ ઈન્ડિયા પહેલો વિશે માહિતી પ્રદાન કરશે. તેમાં ભારત દ્વારા અત્યાર સુધીમાં લાવવામાં આવેલ તમામ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ સામાનની સુવિધા હશે. તેની યાત્રા દરમિયાન મોબાઈલ વાન પહેલ લોકોને ટેક્નોલોજી અને ડિજિટલ ઉત્પાદનોનો ઉપયોગ કરવા વિશે પણ શિખવશે. તેમનો ઉદ્દેશ્ય દેશમાં ડિજિટલ સેવાઓ વિશે લોકોને માહિતગાર કરવા, તેમને દેશની નવીનતમ તકનીકો અજમાવવાની તક આપવા માટે અને G20 વિશે વાતચીત કરવા માટેનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ કેરળ રાજ્યના બજેટમાં 'ગ્રીન હાઈડ્રોજન' હબની જાહેરાત કરવામાં આવી



કેરળ રાજ્યના બજેટની રજૂઆત દરમિયાન કેરળના નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે તેમની સરકાર 'ગ્રીન હાઈડ્રોજન હબ' સ્થાપશે. કેરળ રાજ્ય સરકાર આ માટે 200 કરોડ રૂપિયા ફાળવી રહી છે. આ હબ કોચી અને તિરુવનંતપુરમમાં સ્થાપિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પ્રાઈવેટ પાર્ટનર ઈન્ડિયા હાઈડ્રોજન એલાયન્સ સાથે લાગુ કરવામાં આવશે. આ યોજના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ્સનું નિર્માણ કરશે જે દરરોજ 60 ટન હાઈડ્રોજનનું ઉત્પાદન કરી શકે છે.

- **બાળ મિત્ર ચેટબોટ**

દિલ્હી બાળ અધિકાર સંરક્ષણ આયોગ (DCPCR)એ લોકો અને કમિશન વચ્ચે વાતચીતની સુવિધા માટે 'બાલ મિત્ર' નામનું WhatsApp ચેટબોટ શરૂ કર્યું છે. તેનાથી નાગરિકો અને કમિશનને વધુ અસરકારક રીતે સંપર્ક કરવામાં મદદ મળશે, સાથે લોકો ખાસ કરીને માતાપિતાને તેમના બાળકોના શાળા પ્રવેશ અને શિક્ષણ સંબંધિત મુદ્દાઓ પર માર્ગદર્શન પૂરું પાડશે. તેનો ઉદ્દેશ્ય બાળકો અને તેમના અધિકારો સંબંધિત વિવિધ બાબતો પર અધિકૃત માહિતી પ્રદાન કરવાનો છે અને તેના દ્વારા નોંધાયેલી બાબતોની ગુપ્તતા સુનિશ્ચિત કરવાનો છે.

- **ઇરૂલા જનજાતિ**



તાજેતરમાં ઈરુલા સમુદાયના બે લોકોને શ્રી વાડીવેલ ગોપાલ અને શ્રી માસી સદાઈયાંને પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા, જેમણે ઈરુલા સ્નેક કેચર્સ ઈન્ડસ્ટ્રીયલ કો ઓપરેટિવ સોસાયટી પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. આ ઔદ્યોગિક સહકારી મંડળી દેશના મુખ્ય સાપ (AASV) ઉત્પાદકોમાંની એક છે. નિષ્ણાત સાપ પકડનારા શ્રી ગોપાલ અને શ્રી સદાઈયાં આ સહકારીનો ભાગ છે. ઈરુલા એ ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથ છે, જે ભારતના સૌથી જૂના સ્વદેશી સમુદાયોમાંનો એક છે. તમિલનાડુના ઉત્તરીય જિલ્લાઓ તિરુવલ્લુર, ચેંગલપટ્ટુ, કાંચીપૂરમ, તિરુવન્નામલાઈ અને કેરળના વાયનાડ, ઈડુક્કી, પલક્કડ વગેરે જિલ્લાઓમાં ઈરુલા જાતિઓ મોટી સંખ્યામાં વસે છે. આ આદિવાસી જૂથનું મૂળ દક્ષિણ–પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાના વંશીય જૂથોમાંથી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **મેગ્નેટાઈટ પ્રદૂષણ**

તાજેતરમાં કેટલાક ભૂસ્તરશાસ્ત્રીઓએ કોલકાતામાં રસ્તાની બાજુમાં મેગ્નેટાઈટ દૂષણની હાજરી શોધી કાઢી છે. ભારે વાહનોની અવરજવર અને અન્ય પ્રદૂષિત સ્ત્રોતો ધરાવતા વિસ્તારોમાં પ્રદુષકોની આવર્તન વધુ હોય છે. મેગ્નેટાઈટનું પ્રમાણ રસ્તા પરના ટ્રાફિકના પ્રમાણમાં છે. મેગ્નેટાઈટ પ્રદૂષણ એ પર્યાવરણમાં મેગ્નેટાઈટ (Fe3O4) નામના ચુંબકીય ખનિજની હાજરીનો સંદર્ભ આપે છે. જે માનવીય પ્રવૃત્તિઓ જેમ કે ખાણકામ, સ્ટીલ ઉત્પાદન અને ઔદ્યોગિક પ્રક્રિયાનું પરીણામ છે. મેગ્નેટાઈટ એ આયર્નનો ઓક્સાઈડ છે. તે પૃથ્વી પરના તમામ કુદરતી રીતે બનતા ખનિજોમાં સૌથી વધુ ચુંબકીય છે. તે કુદરતી ચુંબક છે. મેગ્નેટાઈટમાં લગભગ 72% મેટાલિક આયર્ન હોય છે. તે કર્ણાટક, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ગોવા અને કેરળમાં જોવા મળે છે. ચૂંબકીય કણો પક્ષીઓ અને અન્ય પ્રાણીઓના સ્થળાંતર પેટર્નમાં દખલ કરી શકે છે તથા તેમના અસ્તિત્વ અને પ્રજનનને અસર કરે છે.

➤ **યુએસ અને બ્રાઝિલ ભારતની આગેવાની હેઠળના બાયોફ્યુઅલ એલાયન્સમાં જોડાશે.**

G20 બેઠક દરમિયાન ભારત ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ જેવું જ ઈન્ટરનેશનલ બાયોફ્યુઅલ એલાયન્સ શરૂ કરવા માટે તૈયાર છે. આ માટે અમેરિકા અને બ્રાઝિલ ભારતને સમર્થન આપવા સંમત થયા છે. ભારત ઉત્સર્જન ઘટાડવાની આવી અનેક પહેલોમાં મોખરે રહ્યું છે. દેશે 2023-24ના બજેટ દરમિયાન તેના ચોખ્ખા–શૂન્ય લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે 4.3 બિલિયન અમેરિકન ડોલર ફાળવ્યા હતા. બાયોફ્યુઅલ એલાયન્સનો મુખ્ય ઉદ્દેશ્ય બાયોફ્યુઅલના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. બંને દેશો વિશ્વના સૌથી મોટા બાયોફ્યુઅલ બજારો છે. જૈવ ઈંધણ (બાયોફ્યુઅલ)માં અમેરિકા નંબર વન અને બ્રાઝિલ બીજા ક્રમે છે. તેઓ બાયોડીઝલ અને ઈથેનોલ ઉત્પાદનમાં અગ્રેસર છે.

➤ **દક્ષિણ ભારતનો પ્રથમ ઔદ્યોગિક કોરિડોર પ્રોજેક્ટ**

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચેન્નાઈ–બેંગ્લોર ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (CBIC) હેઠળ 8500 એકર જમીનમાં ફેલાયેલા તેમકુરુમાં અમલમાં આવનાર દક્ષિણ ભારતના પ્રથમ ઔદ્યોગિક કોરિડોરનો શિલાયન્સ કર્યો હતો. તુમકુરુ ઔદ્યોગિક ટાઉનશીપનું આયોજન પીએમ–ગતિશક્તિના સિદ્ધાંતોને અનુરૂપ કરવામાં આવ્યું છે. જેથી આર્થિક ઝોન સાથે લાસ્ટ માઈલ મલ્ટિમોડલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરી શકાય. ભારત સરકાર (NICD અને અમલીકરણ ટ્રસ્ટ દ્વારા) અને કર્ણાટક સરકાર પ્રોજેક્ટ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) દ્વારા તુમકુરુ જિલ્લાના વસંતનરસાપુરા ખાતે 3 તબક્કામાં ઔદ્યોગિક ટાઉનશિપ વિકસાવી રહી છે. નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ (NICD) પ્રોગ્રામ હેઠળ 11 ઔદ્યોગિક કોરિડોર હેઠળ 32 ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ શહેરો વર્લ્ડ ક્લાસ પ્લગ–એન–પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિકસાવવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારતીય રેલવેએ WhatsApp ફૂડ ડિલિવરી શરૂ કરી**



તાજેતરમાં IRCTCએ તેની સેવાઓને વધારવા અને તેના ગ્રાહકોને અધિકૃત સલામત ખોરાક આપવા માટે WhatsApp ફૂડ ડિલિવરી શરૂ કરી છે. આ માટેનો WhatsApp નંબર +91-875000132 છે. આ સેવા ફક્ત ઓનલાઈન ટિકિટ બૂક કરાવનારા મુસાફરો માટે જ ઉપલબ્ધ છે. ઉપરાંત પેસેન્જર ટ્રેન, મેટ્રો અથવા લોકલ ટ્રેનનો ઉપયોગ કરતા ગ્રાહકો માટે આ સુવિધા લાગુ પડતી નથી. આ સુવિધા IRCTC કેટરિંગ સેવાઓની શૃંખલા અનધિકૃત ખાદ્ય વિતરકોને રોકવા માટે શરૂ કરવામાં આવી છે.

➤ **ભારતે ગ્રોથ ટ્રાયેન્ગલ જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા**

ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને મલેશિયા દ્વારા 1993માં ગ્રોથ ટ્રાયેન્ગલ જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી. આ કાઉન્સિલનો મુખ્ય ઉદ્દેશ MSMEમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. બેંગ્લુરુમાં યોજાયેલી G20 એનર્જી ટ્રાન્ઝિશન વર્કિંગ ગ્રુપની બેઠક દરમિયાન ભારતે ગ્રોથ ટ્રાયેન્ગલ જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ MoU મુજબ દેશો ઊર્જા કાર્યક્ષમ પદ્ધતિઓ અપનાવવા સાથે મળીને કામ કરશે.

➤ **PhonePeએ ક્રોસ બોર્ડર ટ્રાન્ઝેક્શન સુવિધા શરૂ કરી**



PhonePe એપ્લિકેશન યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસના આધારે વિકસાવવામાં આવી હતી. તે હવે ફિલપકાર્ટની માલિકીની છે. PhonePeનું મુખ્ય મથક બેંગ્લોરમાં આવેલું છે. આ એપ્લિકેશન અગિયાર ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે. તાજેતરમાં PhonePeએ ક્રોસ બોર્ડર સુવિધા શરૂ કરી છે. તેને મોરેશિયસ, ભૂટાન, નેપાળ, UAE અને સિંગાપોર જેવા દેશોમાં લોન્ચ કરવામાં આવી રહ્યું છે.

➤ **ASIનો કીલાડી અહેવાલ : સંગમ યુગ ઈ.સ. 800 પૂર્વે શરૂ થયો હતો**

કીલાડી એ તમિલનાડુના મદુરાઈ શહેરની નજીક આવેલું ગામ છે. તે વૈગઈ નદીના કિનારે આવેલું છે. ASIએ 2014માં કીલાડી ખાતે તેનું ખોદકામ શરૂ કર્યુ હતું. આ અંતર્ગત પુરાવા મળ્યા કે કીલાડી એટલે કે સંગમ યુગની સંસ્કૃતિ અગાઉના વિચાર કરતા જૂની છે. અગાઉ એવું માનવામાં આવતું હતું કે સંગમ કાળ 300 ઈ.સ. પૂર્વે હતો. નવા તારણો સાથે વિવાદ ઊભો થયો હતો. ત્યારબાદ ASIએ વિવાદનો અંત લાવી દીધો છે કે સંગમ યુગ 800 ઈ.સ. પૂર્વે માં શરૂ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

# વિશ્વ

## ➤ નાસાના મુખ્ય અવકાશયાત્રી તરીકે જો અકાબાની પસંદગી



ડિસેમ્બર, 2022માં નાસાના ડેપ્યુટી ચીફ ડ્રુ ફ્યુસ્ટેલ ચીફ બન્યા હતા. જો કે તેમની સેવાઓ તાજેતરમાં સમાપ્ત કરવામાં આવી હતી. અને તેના સ્થાને નવા ચીફ તરીકે જો અકાબાની પસંદગી કરવામાં આવી છે. નાસાના ચીફ અથવા વડા સંસ્થાના સંસાધનોનું સંચાલન કરે છે, અસાઈનમેન્ટ બનાવે છે, સમયમર્યાદા નક્કી કરે છે. ક્રુ ઓપરેશન કોન્સેપ્ટ ડિઝાઈન કરે છે. નોંધનીય છે કે જો અકાબાએ અવકાશમાં 306 દિવસથી વધુ સમય વિતાવ્યો છે. તેમણે મિશન નિષ્ણાત અને ફ્લાઈટ એન્જિનિયર તરીકે સેવા આપી હતી. તેમણે સ્પેસ વોકમાં પણ ભાગ લીધો હતો.

## ➤ ચીને સુપર કાઉના 3 ક્લોન તૈયાર કર્યા

ચીને દાવો કર્યો છે કે તેના વૈજ્ઞાનિકોએ સુપર કાઉનું સફળતાપૂર્વક ક્લોનિંગ કરીને 3 વાછરડાને જન્મ આપવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. સુપરકાઉ સામાન્ય ગાયોની તુલનામાં વધારે પ્રમાણમાં દૂધ આપી શકે છે. ચીની મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે આ સુપર ગાયોની મદદથી ચીન દૂધ ઉત્પાદન ક્ષેત્રે દુનિયાનો અગ્રણી દેશ બની જશે. મીડિયામાં દાવો કરાયો હતો કે સુપર ગાયોના ક્લોનિંગ બાદ ચીનના ડેરી ઉદ્યોગને ઉન્નત પ્રજાતિની ગાયો વિદેશથી આયાત કરવાની જરૂર નહીં રહે. આ પ્રોજેક્ટના ચીફ સાઈન્ટિસ્ટ જિન યાપિંગે જણાવ્યું હતું કે ચીનમાં 10000 પૈકી માત્ર પાંચ ગાય જ પોતાના સમગ્ર જીવનકાળમાં 100 ટન દૂધનું ઉત્પાદન કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મ્યાનમાર અને રશિયાએ પરમાણુ ઊર્જાના વિકાસ પર MoU પર હસ્તાક્ષર કર્યા

મ્યાનમાર 2008ના બંધારણ હેઠળ સંચાલિત સ્વતંત્ર પ્રજાસત્તાક હતું. 2021માં દેશની સેના બળવા દ્વારા સત્તામાં આવી હતી. તાજેતરમાં સૈન્યની આગેવાની હેઠળની મ્યાનમાર સરકાર અને રશિયન સરકારે પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર અનુસાર બંને દેશો પરમાણુ ઊર્જા પર સાથે મળીને કામ કરશે. તે નાગરિક પરમાણુ કરાર છે, જેનો અર્થ એ છે કે ઉત્પાદિત પરમાણુ ઊર્જાનો ઉપયોગ શાંતિપૂર્ણ હેતુઓ માટે કરવામાં આવશે. તેનો ઉપયોગ શસ્ત્રો અથવા મિસાઈલ ઉત્પાદન માટે કરવામાં આવશે નહીં. આ સમજૂતી હેઠળ બંને દેશ પરમાણુ ટેક્નોલોજી કેન્દ્ર બનાવશે.

### ➤ ઓસ્ટ્રેલિયાએ બેંક નોટોમાંથી બ્રિટિશ રાજાશાહી દૂર કરી



ભૂતપૂર્વ બ્રિટિશ વસાહતો બ્રિટન સાથેના તેમના બંધારણીય સંબંધો અંગે નિર્ણય લઈ રહી છે. ઉદાહરણ તરીકે ભારતે રાજપથનું નામ બદલીને કર્તવ્ય પથ રાખ્યું છે. તેવી જ રીતે ઓસ્ટ્રેલિયાએ તેના ચલણ બિલમાંથી બ્રિટિશ રાજાનો ચહેરો દૂર કરવા જઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના પાંચ ડોલરના બિલમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. પાંચ ડોલરનું બિલ એ બ્રિટિશ રાજાના ચહેરાને ધારણ કરનાર અંતિમ નોટ છે. રાણી એલિઝાબેથના અવસાન સુધી તેમનો ચહેરો ઓસ્ટ્રેલિયન પાંચ ડોલરની નોટો પર હતો. 2022માં તેમના મૃત્યુ પછી ઓસ્ટ્રેલિયન સરકારે તેમના પર રાજા ચાર્લ્સ III સાથેની નોટો ફરીથી છાપવાની હતી. તેના બદલે તેમણે બિલમાંથી બ્રિટિશ રાજાના ચહેરાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય લીધો છે. ઓસ્ટ્રેલિયા એક સ્વતંત્ર દેશ છે. પરંતુ આજ સુધી ઓસ્ટ્રેલિયાના વડા બ્રિટિશ રાજા છે. હાલમાં કિંગ ચાર્લ્સ III ઓસ્ટ્રેલિયા દેશના વડા છે. જોકે તેમની ભૂમિકા પ્રતીકાત્મક છે. ઓસ્ટ્રેલિયાના હાલના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ પેરિસ ક્લબ

પેરિસ ક્લબ તરીકે ઓળખાતા લેણદાર દેશોનું અનૌપચારિક જૂથ શ્રીલંકાને લોન પર IMFને નાણાકીય ગેરંટી આપશે. શ્રીલંકાને 2022માં આર્થિક કટોકટી બાદ IMF પાસેથી 2.9 બિલિયન અમેરિકન ડોલર બિલિયનનું બેલઆઉટ પેકેજ પ્રાપ્ત કરવા માટે પેરિસ ક્લબ અને અન્ય લેણદારો પાસેથી ગેરંટીની જરૂર છે. પેરિસ ક્લબ એ મોટા ભાગે પશ્ચિમી ધિરણકર્તા દેશોનું જૂથ છે, જેનું મૂળ 1956માં યોજાયેલી એક બેઠકમાં છે. જેમાં આર્જેન્ટિના પેરિસમાં તેના લેણદારોને મળવા સંમત થયું હતું. તેનો હેતુ એવા દેશો માટે કાયમી દેવા–રાહત ઉકેલ શોધવાનો છે જેઓ તેમના દ્વિપક્ષીય દેવાની ચૂકવણી કરવામાં અસમર્થ છે. તેના સભ્યોમાં ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, કેનેડા, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈઝરાયેલ, જાપાન, નેધરલેન્ડ, નોર્વે, રશિયા, દ.કોરિયા, સ્પેન, સ્વીડન, સ્વિત્ઝર્લેન્ડ, યુકે અને યુએસનો સમાવેશ થાય છે. તે બધા ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) નામના 22 સભ્ય જૂથના સભ્યો છે.

1. ભારતે કયા દેશ સાથે 'Initiative on Critical and Emerging Technologies'ની શરૂઆત કરી છે ?

– અમેરિકા

2. ભારતીય વાયુસેનાના નવા વાઈસ ચીફ તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો છે ? – એર માર્શલ એ.પી.સિંઘ

3. પ્રદૂષણનો સામનો કરવા માટે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશે 'Real-time Source Apportionment Supersite' શરૂ કરી છે ? – નવી દિલ્હી

4. પ્રયોગશાળામાં વિકસિત હીરા પર સંશોધન કરવા માટે કઈ સંસ્થાને 242 કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે ? – IIT મદ્રાસ

5. ભારતની સુપ્રીમ કોર્ટના 73માં સ્થાપના દિવસના પ્રસંગે મુખ્ય મહેમાન કયા દેશના મુખ્ય ન્યાયાધીશ છે ?

– સિંગાપોર

(સિંગાપોરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનને ભારતની સુપ્રીમ કોર્ટના 73માં સ્થાપના દિવસે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.)

6. કઈ સંસ્થાએ 'G20 સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝ એન્ડ ડ્રિલ'નું આયોજન કર્યું હતું ? – CERT-In

7. કેન્દ્રીય બજેટ 2023માં જાહેર કરાયેલ પીએમ–વિકાસ યોજનાના લાભાર્થીઓ કોણ છે ? – કારીગર

8. પ્રસ્તાવિત 'નેશનલ ડેટા ગવર્નન્સ પોલિસી' મુજબ ઈન્ડિયા ડેટા મેનેજમેન્ટ ઓફિસ (IDMO)ની સ્થાપના કયા મંત્રાલય હેઠળ કરવામાં આવશે ? – ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય

9. કયું કેન્દ્રીય મંત્રાલય 'પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના' લાગુ કરે છે ? – કૌશલ્ય વિકાસ મંત્રાલય

10. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય સાથે કયું કેન્દ્રીય મંત્રાલય નમસ્તે યોજના લાગુ કરે છે ?

– આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

11. તાજેતરમાં કયા ક્રિકેટરે T20માં 126 રન બનાવ્યા હતા. અને T20 ક્રિકેટમાં ભારત દ્વારા સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો નવો રેકોર્ડ બનાવ્યો ? – શુભમન ગીલ

12. 'વિશ્વ આંતર–ધાર્મિક સંવાદિતા સપ્તાહ' (World Interfaith Harmony Week) કયા મહિનામાં મનાવવામાં આવે છે ? – ફેબ્રુઆરી

13. કયા દેશે જાન્યુઆરીમાં ગુમ થયેલ કિરણોત્સર્ગી કેપ્સ્યુલ પુનઃપ્રાપ્ત કર્યું છે ? – ઓસ્ટ્રેલિયા

14. મેનુએલા રોકા બોટીને કયા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

– ઈક્વેટોરિયલ ગિની (વિષુવવૃત્તિય ગિની)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. તાજેતરમાં 5મી ઈન્ટરનેશનલ મરીન પ્રોટેક્ટેડ એરિયાઝ કોંગ્રેસ (IMPAC5) _____ માં મરીન પ્રોટેક્ટેડ એરિયાઝ (MPA) ફંડિંગ ગેપના ઉકેલોની ચર્ચા કરવા માટે યોજાઈ હતી. – કેનેડા


16. તાજેતરમાં દિલ્હીની _____ હોસ્પિટલમાં પ્રથમ ઈન્ટિગ્રેટેડ મેડિકલ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઔષધીય ક્ષેત્રે ભારતીયોના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. – સફદરજંગ

17. _____ ના વૈજ્ઞાનિકોએ જૈવિક સેન્સરથી સજ્જ એક નવો સ્નિફિંગ રોબોટ વિકસાવ્યો છે. જે તીડના એન્ટેનાનો ઉપયોગ કરે છે. (તીડ તેમના એન્ટેનાથી સુંઘે છે અને ગંધની તીવ્ર ભાવના ધરાવે છે.) – ઈઝરાયેલ

18. _____ એ પ્રથમ સેટેલાઈટ આધારિત દ્વિ–માર્ગી મેસેજિંગ લોન્ચ કર્યુ હતું. તેને સ્નેપડ્રેગન સેટેલાઈટ કહેવામાં આવે છે. – Qualcomm

19. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલો મધ્યમ ઘનતાનો આકારહીન બરફ કયા પદાર્થથી ભરેલા જહાજમાં રચાયો હતો ? – સ્ટેનલેસ સ્ટીલ




રાજસ્થાન
મધ્ય પ્રદેશ
મહારાષ્ટ્ર
ખંભાતનો અખાત
અરબ સાગર
કચ્છનો અખાત
પાકિસ્તાન
દાહોદ
છોટા ઉદેપુર
મહીસાગર
લુણાવાડા
ગોધરા
પંચમહાલ
મોડાસા
અરવલ્લી
સાબરકાંઠા
હિંમતનગર
ગાંધીનગર
ખેડા
નડિયાદ
આણંદ
વડોદરા
રાજપીપળા
નર્મદા
તાપી
વ્યારા
ડાંગ
આહવા
ભરૂચ
સુરત
નવસારી
વલસાડ
મહેસાણા
અમદાવાદ
પાલનપુર
બનાસકાંઠા
પાટણ
ભાવનગર
બોટાદ
સુરેન્દ્રનગર
અમરેલી
ગીર સોમનાથ
વેરાવળ
જૂનાગઢ
રાજકોટ
મોરબી
જામનગર
પોરબંદર
ખંભાળિયા
દેવભૂમિ દ્વારકા
કચ્છ
ભુજ
સ્થાપના : 1 મે, 1960
ક્ષેત્રફળ : 1,96,024 ચો.કિ.મી²
દરિયાઈ સીમા : 1600 કિ.મી
કચ્છ : 406 કિ.મી
સૌરાષ્ટ્ર : 843 કિ.મી
તળ ગુજરાત : 351 કિ.મી
લંબાઈ : ઉત્તર થી દક્ષિણ : 590 કિ.મી
પૂર્વ થી પશ્ચિમ : 500 કિ.મી
અક્ષાંશ : 20°1' થી 24°7' ઉત્તર અક્ષાંશ
રેખાંશ : 68°4' થી 74°4' પૂર્વ રેખાંશ